# ૬. રાધેશ્યામ શર્માનું કૃતિવિવેચન

૬.૧ રાધેશ્યામ શર્માનો જીવન પરિચય

૬.૨ નવલકથા સ્વરૂપનું વિવેચન

૬.૩ ગુજરાતી ટૂંકીવાર્તા / વાર્તાસંગ્રહનું વિવેચન

૬.૪ ગુજરાતી ટૂંકીવાર્તાનું વિવેચન

૬.૫ કાવ્યસંગ્રહોનું વિવેચન

૬.૬ ગુજરાતી કાવ્યકૃતિઓનું વિવેચન

૬.૭ વિવેચનગ્રંથોનું વિવેચન

# ૬. રાધેશ્યામ શર્માનું કૃતિવિવેચન

## ૬.૧ રાધેશ્યામ શર્માનો પરિચયઃ

નામ : રાધેશ્યામ શર્મા

જન્મ તારીખ : ૦૫/૦૧/૧૯૩૬

જન્મ સ્થળ : વાવોલ, ઉત્તર ગુજરાત

અભ્યાસ : બી.એ (ઓનર્સ), એમ.એ.

વ્યવસાય : સ્વતંત્ર લેખનકાર્ય

સાહિત્યિક પ્રદાન :

કવિતાઃ

૧. આંસું અને ચાંદરણું : ૧૯૬૯

૨. સંચેતના : ૧૯૮૩

૩. Negatives of eternity : ૧૯૭૪

૪. નિષ્કારણ : ૧૯૯૧

નવલકથાઃ

૧. ફેરો : ૧૯૬૯

૨. સ્વપ્નતીર્થ : ૧૯૭૯

વાર્તાઃ

૧. બિચારાં : ૧૯૬૯

૨. પવનપાવડી : ૧૯૭૭

૩. રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ : ૧૯૮૪

**૪. વાર્તાવરણ : ૧૯૮૬**

**વિવેચનઃ**

**૧. વાચના : ૧૯૭૩**

**૨. સાંપ્રત : ૧૯૭૮**

**૩. ગુજરાતી નવલકથા : ૧૯૭૪**

**૪. કવિતાની કળા : ૧૯૮૩**

**૫. આલોકના : ૧૯૭૯**

**૬. શબ્દ સમક્ષ : ૧૯૯૧**

**૭. કર્તા કૃતિ વિમર્શ : ૧૯૯૨**

**૮. વિવેચનનો લિપિ : ૧૯૯૩**

**૯. ઉલ્લેખ : ૧૯૯૩**

**૬.૨ નવલકથા સ્વરૂપનું વિવેચનઃ**

**૧. સરસ્વતીચંદ્ર - ગોવર્ધનરામ ત્રિવેદીઃ**

ગોવર્ધનરામ ત્રિવેદીકૃત નવલકથા ‘સરસ્વતીચંદ્ર’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં ‘આરતી અને ચુબંન’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુતલેખમાં રાધેશ્યામ શર્માએ ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાના અંતિમ પ્રકરણ અને ખાસ તો અંતવિષયક જ ચર્ચા કરી છે. જેમાં સરસ્વતીચંદ્ર-કુસુમના લગ્નને એક વર્ષ પુરૂં થતાં રાખેલી પૂજામાં સન્યાસિની કુમુદ પધારે છે. એ વખતના કુમુદ-કુસુમ-સરસ્વતીચંદ્રના પરસ્પર પ્રત્યેના મનોભાવો, સરસ્વતીચંદ્રની આદર્શપરાયણ વિચારધારા,

કુસુમની મુગ્ધતા અને કુમુદની વિરક્તતા અંગે ચર્ચા કરી રાધેશ્યામ શર્મા આ નવલકથાના ગોવર્ધનરામે આલેખેલાં ચાતુર્યપૂર્ણ અંત અંગે નોંધ છે કે,

> ***“ભાવનાઆદર્શ ઉપર સ્નેહરહિત કે કામર્પ્ર[redacted] -ભાવનાનો વિજય થશે કે ઉભય વચ્ચે શાશ્વત અદ્વૈતનો ધ્વજ ફરકશે ? કર્તાએ અંતિમ ઉપસંહાર પૂરતું તો એક કરુણ મધુર કોયડાનો ઉકેલ આપવાનું કળથી ટાળ્યું છે ?”[૦૧]***

**૨. પૃથ્વીવલ્લભ - કનૈયાલાલ મુનશીઃ**

કનૈયાલાલ મુનશીકૃત નવલકથા ‘પૃથ્વીવલ્લભ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “મુનશીની રસપ્રીતિ અને પ્રતાપભક્તિ” શીર્ષક હેઠળ કર્યું છે.

એક સ્વરૂપવાન પ્રતાપીનાયક પૃથ્વીવલ્લભ અને ગર્વિષ્ઠ પ્રૌઢ નાયિકા મૃણાલના સંકુલ પ્રણયસંબંધોનું અને ઈતિહાસ તથા નવલકથાના ઉભયનું ‘સંમિશ્રણ’ તેઓ ‘પૃથ્વીવલ્લભ’માં પોતાની કળાદષ્ટિ અનુસાર કેવુંક કરી શક્યા છે તેની ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

**૩. ઝેર તો પીધાં છે જાણી જાણી - દર્શકઃ**

દર્શકકૃત નવલકથા ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “સાચી કલાની ‘દર્શક’ વ્યાખ્યા” શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં રાધેશ્યામ શર્માએ ‘ઝેર તો પીધાં છે.....’ તેમજ ‘દીપનિર્વાણ’ જેવી દર્શકની નવલકથામાં રહેલી પાત્રોની આદર્શ પરાયણતાની થયેલી ટીકાઓ, અન્ય વિવેચનકોના એ અંગેના મતમતાંતરો વગેરેની ચર્ચા કલાકીય અને

વાસ્તવવાદી અભિગમના સંદર્ભમાં કરીને 'દર્શક'ના પણ નવલકથામાં વિષયક વિચારણાના અંશોનો ઉલ્લેખ કરી સવિગત ચર્ચા કરી છે.

**૪. અશ્રુઘર - રાવજી પટેલઃ**

રાવજી પટેલકૃત નવલકથા 'અશ્રુઘર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં ''કલ્પનોનું સૌંદર્ય'' શીર્ષક હેઠળ કર્યું છે.

નેચરાલિઝમ, તેમજ કલ્પનોના વિનિયોગના સંદર્ભમાં ઉપરોક્ત કૃતિની ચર્ચા કર્યા બાદ કૃતિના પાત્રાલેખન પર રાધેશ્યામ શર્માએ વધારે પ્રકાશ પાડયો છે. આ કૃતિના પાત્રો અંગે એમનો અભિપ્રાય જોઇએઃ

> ***''એકંદરે સેડિસ્ટ દેખાતાં પણ દર્દગ્રસ્ત સત્યનું પાત્ર સુરેખ છે. દર્દ, લલિતા, સૂર્યા અને ફરી પાછું દર્દ, મૃત્યુને લલિતા, હજુ પછી જિજીવિષા અને મોત વચ્ચે એમ ઝોલે ચઢેલા વ્યગ્ર અનેક - કવિજીવ સત્ય વાચકનો સમભાવ ઉઘરાવી લે છે. સત્યની પાસેને પાસે આવ્યે જતાં મૃત્યુનું વર્ણન કરવામાં કવેતાઇ ઓછી કરી થોડો સંયમ જાળવ્યો હોત અને પરિવેશ અને પદાર્થનાં નિર્મમ વર્ણનો જ કર્યા હોત તો અસર કદાચ વધુ સઘન થાત''[૨]***

**૫. ઝંઝા - રાવજી પટેલઃ**

રાવજી પટેલકૃત નવલકથા 'ઝંઝા'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં ''શરદબાબુની દૂરવર્તી છાયા'' શીર્ષક હેઠળ કરેલ છે.

ડાયરીના પાનાઓમાં નવલકથા લેખન કરવાનો પ્રયાસ અને એમાં પાત્ર અને પરિસ્થિતિને પ્રત્યક્ષ કરવા માટે લેખકે પ્રયો[redacted] , કવિત્વશક્તિ, અસ્તિત્વવાદી વિચારધારા અને પાત્રાલેખનમાં પ્રવર્તતી શરદબાબુના પાત્રોની અસરો વિશે તે ડાયરી

સ્વરૂપની ટેક્નિકમાં રહેલી ઊણપો અને બિનજરૂરી વિગતોના ખડકલા વગેરે બાબતોની રાધેશ્યામ શર્માએ પ્રસ્તુત લેખમાં નોંધ લીધી છે.

### ૬. કામિની – મધુરાયઃ

મધુરાયકૃત ‘કામિની’નવલકથાનું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “વિવિધ પરિમાણવાળી ‘કામિની’” શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં રાધેશ્યામ શર્માએ કૃતિના પ્લોટ વિષયક ચર્ચા કરી છે. ચાલુ નાટકમાં કામિનીના હાથે શેખર ખોસલાના ખૂનની વાર્તા નિમિતે અન્ય સર્વ પાત્રોની જુબાની વખતે તેમજ સ્વતંત્રપણે પ્રત્યેક પાત્ર ખૂનની ઘટના વિશે જે-જે પ્રતિક્રિયાઓ આપે છે. એમાં લેખકે આત્મા-પ્રક્ષેપની પ્રક્રિયાને નાટકીય સ્વાંગમાં કુશળતાપૂર્વક સજાવી આપી છે. એ વિષયક ચર્ચા કરીને કર્તાના આ કૃતિ લેખનના ઉપક્રમ અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

> ***“જે કથા કાલ્પનિક હોય, ‘મીથ’ હોય એને તથ્યના સ્થાને પાત્રોમાં ચિત્તમાં સ્થાપીને સર્જનાત્મક પરિમાણો સિદ્ધ કરી જોવાનો કર્તાનો ઉપક્રમ છે.”*** [૩]

### ૭. પેરેલિસિસ – ચન્દ્રકાન્ત બક્ષીઃ

ચન્દ્રકાન્ત બક્ષીકૃત નવલકથા ‘પેરેલિસિસ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “‘પેરેલિસિસ’ : કર્તાના કસબનું હાડપિંજર ?” શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રોફેસર અરામ શાહના મેટ્રન આશિકા અને પુત્રી મારીશા અને મૃતપત્ની પ્રત્યેના મનોજગતને નિરૂપતી આ નવલકથાની પ્રયોજાયેલ ટેક્નિકમાં નાયક પેરેલિસિસનો

ભોગ બને છે તે ઢોળાવનું પ્રતીક, નાયકના સ્વપ્નો, જાતીયતા વિષયક વિચારો વગેરેની ચર્ચા કરીને રાધેશ્યામ આ કૃતિ લેખમાં ચન્દ્રકાન્ત બક્ષીએ પ્રયોજેલા કસબ અંગે નોંધે છે કે,

> ***"શુદ્ધ કળાકાર સમતોલન સાધવા, સમાધાન કે સમીકરણ તરફ દોરાતો નથી, અને કદાચ એ દિશામાં ફંટાય તો પ્રક્રિયાની 'ચુસ્ત' યાંત્રિકતામાં સકંજા તો નથી, અહીં તો ઘટનાક્રમ બાદ કથાનું 'અચ્યુતમ્' ગવાય ત્યાં જ કસબનું હાડપિંજર ખુલ્લું પડી જાય છે."[૪]***

**૮. અજાણ્યાં બે જણ – મોહમ્મદ માંકડઃ**

મોહમ્મદ માંકડકૃત નવલકથા 'અજાણ્યાં બે જણ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'સમય સાથે.....' શીર્ષક હેઠળ કર્યુંછે

પ્રસ્તુત લેખમાં રાધેશ્યામ શર્મા નવલકથામાં લેખકે 'સમય' સંદર્ભે કરેલાં ઉલ્લેખો અંગે તેમજ અંધ શંકાશીલ દેવેન, એની ભાવનાશીલ પત્ની અમિતા અને સમભાવી રાવજીના સંબંધોના તાણાવાણામાં લેખકે દાખવેલ રસસ્થાનોની ચર્ચા કરીને આ કૃતિના પાત્રાલેખનની કલાકૃતિ સંદર્ભે ચર્ચા કરતાં

> ***"લેખકને એક રૂઢ માન્યતાને ધક્કો મારીને આગળ વધવુ ઈષ્ટ જણાયું છે જેમાં ધક્કો થોડોક કલાકૃતિને સામે વળીને વાગ્યો છે. દેવેન અંધ છે તેથી એ સારો જ હોય, તેથી તેના તરફ સહાનુભૂતિ જ જગવવી એવું લેખક લેશે પણ માનતા નથી લાગતા, અને એ આવકાર્ય પણ ખરું***
> ***ખલ દેખાડીને 'ટ્રેજેડી' શિલ્પમાં ઘણીબધી તિરાડો પાડી દીધી"[૫]***

### ૯. સમયદ્વીપ - ભગવતીકુમાર શર્માઃ

ભગવતીકુમાર શર્માકૃત નવલકથા 'સમયદ્વીપ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "દ્વિધાના દ્વીપ પર 'સમયદ્વીપ'" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત નવલકથામાં લેખકે આલેખેલી બે પેઢી વચ્ચેનો વૈચારિક સંઘર્ષ, ભાવ વિશ્વની ચરમ વિભિન્નતા, દ્વિધા અને એમાંથી સર્જાયેલ કારુણ્ય અંગે ચર્ચા કરીને રાધેશ્યામ શર્મા પાત્રોના નામની વિશિષ્ટતા તરફ ધ્યાન દોરે છે.. જેમાં નાયકનું નામ નીલકંઠ, એના ભાઇનું મહેશ અને પિતાનું નામ શિવશંકર છે એ બાબતનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે,

***"લેખકે દૃઢમૂલ સ્થાણુ-શી પરંપરાનાં Concentric Circles રચવામાં આ નામમહિમ્ન ઉપકારક જણાયું છે એ બીજી બધી ઘણી બાબતોની જેમ, તેમની પ્રયોગમુખ્ય આલેખન કરતાં પરંપરા-પ્રધાન નિરૂપણની દિશા અધિક ચીંધે છે."***[૬]

### ૧૦. નિશાચક્ર - કિશોર જાદવ:

કિશોર જાદવકૃત નવલકથા 'નિશાચક્ર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "'એરોટિક' અને 'ઇગ્ઝોટિક' નિશાચક્ર" શીર્ષક હેઠળ કર્યું છે.

નાયકની જાતીયરાગની વિકૃતિ અને અનંગલીલા, કામસંગોકલા તેમજ લાનૂલા સાથે મનોમન ભજવાયેલ વ્યભિચારનું આલેખન કરતી આ કૃતિના સંવિધાન અંગે ચર્ચા કરી રાધેશ્યામ શર્મા અત્રે નોંધે છે કે,

***"કિશોર જાદવ અત્યંત સંવેદનશીલ પ્રકૃતિના કવિ તરીકે અહીં ઊપસી આવે છે, પણ તે બાહ્ય પ્રકૃતિના નહિ આંતર પ્રકૃતિના ઇમ્પ્રે***

***બાહ્યદર્શક પ્રકૃતિના વર્ણનોમાં એ પાછળ પડતા નથી પણ એવાં વર્ણનચરિત્રોના અંતસ્-પરિવેશને વ્યક્ત કરવા માટે આવે છે. સંકેતો, પ્રતીકો આંતરજીવન પ્રતિના નિર્દેશો આપે છે. સૂચકતાં અને પ્રતીકાત્મકતાનો પૂરો કસ કાઢી લેવાનું વલણ ડોકિયાં કરે છે અને કામ પાર પાડે છે. નિશાના ઓળાઓ જેવો ભેદભરમ ધારી રહે છે.”[૭]***

ઉપરોક્ત, કિશોર જાદવે પ્રયોજેલ તળપદા શબ્દપ્રયોગો અને સ્વપ્નદશ્યોની પણ રાધેશ્યામ શર્માએ અત્રે ઉચિત નોંધ લીધી છે.

**૧૧. પૂર્વરાગ - રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરીકૃત નવલકથા ‘પૂર્વરાગ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં ‘આત્મરાગનું આલેખન’ શીર્ષક હેઠળ કર્યું છે.

‘પૂર્વરાગ’માં નાયકના ‘હું’ પણાની પ્રબળતાની નોંધ લઈને રાધેશ્યામ શર્મા જણાવે છે કે લેખકે નવલકથાના સ્થાને આત્મકથા લખી હોય તો પણ ચાલત ચન્દ્રહાસના પાત્ર અંગે નોંધે છે કે,

***“એક રીતે ચંદ્રહાસ ખરેખર એક થરમોમિટર છે, જે બીજાં પાત્રોના તન - મનની ઉષ્મા માપે છે, અને વખતે આપેય છે. એનું વ્યક્તિત્વ વિરોધાભાસો વડે આકર્ષક બનાવવા લેખકે કોઈ કસર નથી રાખી પણ Aesthetic Joy કોણ જાણે કેમ નથી મળતા.”[૮]***

પ્રસ્તુત નવલકથામાં રઘુવીર ચૌધરીની લેખનમુદ્રા અને ગદ્યશૈલી અંગે રાધેશ્યામ શર્મા જણાવે છે કે,

*"રઘુવીરનું ગદ્ય સૌષ્ઠવપ્રીતિની ચાડી ખાય છે. અપવાદરૂપ બે-ત્રણ જગા સિવાય પાત્રોની પાછળ રહીને લેખક, મોટે ભાગે 'પ્લેબેક' આપે છે. 'રસ્ટિક' નાયક પંડિતયુગની સંસ્કૃતપ્રચુર ભાષા બોલે છે. જે ગદ્યશૈલી રઘુવીરનાં વિવેચન લખાણોમાં ભૂષણરૂપ જણાય તેનો અહીં વિપ્રયોગ થયેલો જોઈ શકાય છે."*[૯]

**૧૨. અમૃતા - રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરીકૃત નવલકથા 'અમૃતા'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'ટાગોર-નિત્શે સામોસામ!' શીર્ષક હેઠળ કર્યું છે.

ટાગોરના રસકીય અભિગમ અને નિત્શેનો ફિલસૂફીની અસર ધરાવતી આ કૃતિના ઉપરોક્ત બંને પાસાંની ઊંડાણપૂર્વક ચર્ચા કરીને પાત્રાલેખન, વર્ણનો, સંવાદો પરિસ્થિતિઓ વગેરે વિષયક ચર્ચા કરતાં રાધેશ્યામ શર્મા કૃતિની નોંધપાત્ર વિશેષતા અંગે જણાવે છે કે,

*"કૃતિની આ નોંધપાત્ર વિશેષતા છે કે પાત્રોની વ્યક્તિતા જેટલી પરિસ્થિતિઓમાં ઊપસે છે એનાં કરતાં પરસ્પરના સંવાદોમાં વિશેષ સ્ફુટ થાય છે. તેથી ચર્ચાઓ અને ચર્ચાઓથી કૃતિ ક્યાંક અત્યંત સ્ફુટ થઈ છે. સંવાદલેખનમાં કર્તાની આત્મમુગ્ધતા પણ એક કારણ હોઈ શકે."*[૧૦]

સાહિત્યક ક્ષેત્રે-નવલકથાક્ષેત્રે તેમજ યુગચેતનાના સંદર્ભમાં આ કૃતિના સ્થાન અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

*"'અમૃતા' એકંદરે યુદ્ધ ભારતીય નવલની અપેક્ષાનો નવીન સાહિત્યકાર દ્વારા અપાયેલો સબળ ઉત્તર છે. ગુજરાતી ભાષા-સાહિત્યક પ્રશિષ્ટ કૃતિઓની પરંપરામાં આધુનિક યુગની સમસ્યાઓ અવતારવાનું બીડું ઝડપી જોવા કરતી*

***'અમૃતા'નું સ્થાન નિઃશંક છે. રઘુવીર ચૌધરીનો મરુભૂમિ પર સુંદરનો આશીર્વાદ પ્રદર્શિત કરવાનો પુરુષાર્થ ઐતિહાસિક છે."[૧૧]***

**૧૩. કલ્પલતા – રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરીકૃત નવલકથા 'કલ્પલતા'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'ભોગ્યાને માતૃરૂપ અર્પણ' શીર્ષક હેઠળ કર્યું છે.

આદર્શવાદી નાયક ગૌતમ, યૈવનમત નાયિકા કલ્પા, સુશીલ ગૃહિણી ગોપાના ત્રિકોણને નજર સમક્ષ રાખી એમની પછીની પેઢી ના પ્રણયજીવનને આલેખીને જનરેશન ગેપને સંસ્પર્શ આપવાના લેખકના કથાગત પુરુષાર્થની નોંધ લેતાં કૃતિના પ્રયોજન અને સહેતુકતા અંગે રાધેશ્યામ શર્મા જણાવે છે કે,

***"લેખકને એકસાથે ઘણું બધું કરવું છે અનર્ગળ સતાલાલસા, ઈકોત્તેર પેઢી ચાલે એટલો ધન પરિગ્રહ સુંદર પત્નીના શરીરને પણ નેતાજીની પથારીમાં રોળાવા દેવાની તત્પરતા, કલ્પલતા જેવી નાયિકાની એમાં સશરીરી અનુમોદનાઅને અમેરિકામાં વસતાં ભારતીય જનોની સપાટી પરની સાંસ્કૃતિક અભિરુચિ પર પ્રકાશ પાડવાનાં અનેક પ્રયોજનો સ્પષ્ટ છે. છતાં સંરચનાગત સહેતુકતા કૃતિને પ્રચાર અતિનાટય કે મનોરંજનથી ખરડતી નથી"[૧૨]***

**૧૪. શ્યામ સુહાગી – રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરીકૃત નવલકથા 'શ્યામ સુહાગી'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "દાઢી અને સાવરણી દાઢીની" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત નવલકથામાં રઘુવીર ચૌધરીએ આલેખેલ સમગ્ર સ્વામીનારાયણ સંપ્રદાયના મુખ્ય અને તાત્વિક મુદ્દાઓ શ્રીજી મહારાજની બિનલૌકિક દિવ્ય લીલાઓ અને

સમાંતર નિરૂપાયેલ શ્યામ સુહાગીનો સફળ સ્નેહ સંયમિત સંસાર આ કથામાં નવલસ્વરૂપે પ્રસ્તુત થયો છે. તેની નોંધ લઇને કથાગુંથણી અને સંરચના વિષયક પાસાઓ અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"જોરદાર નાટયાત્મક ઘટનાઓમાં ઘૂંટાઈને કથારસવાળાને મહાકથા મળે અને સહજાનંદી ભક્તગણને સાંપ્રદાયિક સંતૃપ્તિ પ્રાપ્ત થઈ જાય દાઢીની અને સાવરણી સાવરણી કથન કસબને ભક્તિની સેવામાં જોતરવાનો આવો ઉપક્રમ યાદગાર રહેવાનો."*** [૧૩]

**૧૫. વિશ્વજિત – પિનાકિન દવે:**

પિનાકીન દવેકૃત નવલકથા 'વિશ્વજિત'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "રોચક પુરાણકથા, 'વિશ્વજિત'" શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના કેન્દ્રમાં રહેલાં વિશ્વજિત યજ્ઞ અને એની આસપાસ ગુંથાયેલો પૌરાણિક પરિવેશ અને પાત્રાલેખન અંગે ચર્ચા કરતાં રાધેશ્યામ શર્મા આ કૃતિ અંગે નોંધે છે કે,

***"પૌરાણિક તથ્યોને કે કલ્પનાને કર્તા પોતાના તારાતમ્યનો સ્પર્શ આપે ત્યારે તે 'અર્વાચીન ભાવનાઓને નિરૂપવાના ઓઠા તરીકે જૂના સમય (પુરાણ)નો ઉપયોગ કરે છે. એવો ખ્યાલ આવતાં કૃતિમાંથી કળા બહુધા ઊડી જાય, મુનશીમાં આવું ઘણું થતું લેખકની પ્રસ્તુત કથાકૃતિમાં મુનશીની માફક જ ઘટનાપ્રાચુર્ય, વીરશૃંગાર રસની પ્રધાનતા અને ત્વરાસભર કાર્યવેગ તો જોવા મળે છે. પણ લેખકનાં સંયમ અને તાટસ્થ્ય એકંદરે અલગ તરી આવે છે."*** [૧૪]

### ૧૬. મહાભિનિષ્ક્રમણ – મુકુંદ પરીખ:

મુકુંદ પરીખકૃત નવલકથા ‘મહાભિનિષ્ક્રમણ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “માતૃરાગની સંકુલતા ‘મહાભિનિષ્ક્રમણ’” શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના નાયક અમિતના જીવનમાં પૂર્વ પત્ની રમા, પ્રે[illegible]

ચંદન પ્રત્યેના તીવ્ર અનુરાગ ભાવથી મનોમન ઉન્મત બની અને આખરે પોતાની વિષમ પ્રકૃતિથી સભાન બની માતાની સેવા કરવાનો નિર્ધાર કરે છે. તે બાબતને લેખકે કોઇ વાદના ધજાગરા વગર ભાષાશૈલી દ્વારા કથાનું નિર્વહણ કર્યું છે. એવું નોંધતા રાધેશ્યામ શર્મા જણાવે છે કે,

> ***“ભાષાશૈલી ક્યાંક જ કૃત્રિમ લાગે છે, બાકી ધાર્યું કામ આવે છે. કાવ્યમય ગદ્ય લખવાનો લેખકને કેવળ અભરખો નથી એ ઈષ્ટ જ છે. હા, શબ્દો અને શબ્દોથી આપણે ઘેરાઈ જઈએ છીએ ખરા, પણ પાત્રોના માનસર ોવરમાં શબ્દોનાં ઊર્મિઓનાં બુદ્‌બુદો પણ એમ જ નથી ઊઠતાં.”***[૧૫]

### ૧૭. કોણ? – લાભશંકર ઠાકર:

લાભશંકર ઠાકરકૃત નવલકથા ‘કોણ ?’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “સભાનતાની સાધના, ‘કોણ’” શીર્ષક હેઠળ કર્યું છે.

નાયક-વિનાયકની જીવન વિશેની સભાનતા અને એમાંથી ઉદ્‌ભવતા અસ્તિત્વ વિષયક પ્રશ્નો તેમજ પત્ની કેતકીને પડોશી યુવાનના સ્કૂટર પર બેસીને જતી જોવાનો ભ્રમ અને એ થકી ઉદ્‌ભવેલું માનસિક દ્વન્દ્વ એવા પાતળા કથાતંતુ પર રચાયેલ આ નવલકથાની શૈલીની વિશિષ્ટતા અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

*"પરંપરાગત નવલકથા-લેખનથી કેટલીક રીતે લેખક જુદા પડે છે. તે તેમની વિશિષ્ટતા છે. કથારસ જમાવવાનો તેમને બિલકુલ લોભ નથી, સમાજદર્શન કે પાત્રવૈવિધ્ય, કથાવળાંક કે પરાકાષ્ઠા લાવવા માટેનો કોઈ આયાસ નથી વર્ણનોમાં કવિતા કરવાનો બહુ અભરખો સેવ્યો નથી."*[૧૬]

**૧૮. શેષપાત્ર – ભાનુપ્રસાદ ત્રિવેદીઃ**

ભાનુપ્રસાદ ત્રિવેદીકૃત નવલકથા 'શેષપાત્ર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "કથારસથી છલોછલ 'શેષપાત્ર'" શીર્ષક હેઠળ કર્યું છે.

દેવવ્રત અને સુમિની સ્નેહકથા નિમિતે ભિન્ન-ભિન્ન આડકથાઓને આલેખતી માનુષિક સંવેદનાના વિવિધ મિજાજનો પરિચય આપતી આ કૃતિના સંવિધાન અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

*"'શેષપાત્ર' (૧૯૮૯) એવી નવલકથા છે જેમાં મુખ્ય કથા અને ઉપકથાઓનો મોટો મહિમા સ્વીકાર્યો છે. કથારસથી નવલનું પાત્ર છલોછલ ભરેલું છે. આડકથાઓને મૂળ પ્રવાહમાં વાળવામાં પુરૂષાર્થની પરીક્ષા થઈ છે. આદર્શબદ્ધ વિચાર દર્શનથી, ચર્ચાથી, વાર્તિકથી, વિધાનથી પૃષ્ઠો બતાવવાનો ઉપક્રમ અલ્પ છે."*[૧૭]

**૧૯. ખડકી – સુમન શાહઃ**

સુમન શાહકૃત નવલકથા 'ખડકી'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'આદિમ આસક્તિ સાથેની જર્જરતા' શીર્ષક હેઠળ કર્યું છે.

વિધુર નાયક સોહન પરીખ સાથે બસમાં ચઢતી દામિની કે જે પતિથી અતૃપ્ત છે. તે વડોદરા થઇ વતનની ખડકીમાં પહોંચી જાય છે. એ ઉપરાંત સમગ્ર કૃતિમાં લેખકે ખડકીનો સંદર્ભગત, ચરિત્રગત પ્રતીક લેખે કરેલો વિનિયોગ તેમજ તિજોરી અને સુખડની પેટીના પ્રતિકો વિષયક ચર્ચા કરતાં નોંધે છે કે,

***“સર્જક સુમનની આ સિદ્ધિ છે કે કૃતિ શૃંગારયૌનના, એરોટિક-સેક્સોટિક-ભેદને ભૂંસતી ઇગ્ઝોટિકના, વિદેશી પ્રદેશમાં અનાયાસે જ પ્રવેશ પામે છે. ખડકી પણ આ રીતે ‘ભેદી’ અને ‘જાદુગરની’ બની રહે છે.”***[૧૮]

## ૨૦. માધવ કયાંય નથી - હરીન્દ્ર દવેઃ

હરીન્દ્ર દવેકૃત નવલકથા ‘માધવ કયાંય નથી’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “નકશાની નદીમાં ‘માધવ-પૂર!’” શીર્ષક હેઠળ કર્યું છે.

‘માધવ કયાંય નથી’ એવા શીર્ષક હેઠળ રચાયેલી આ કૃતિમાં લેખકે માધવ કયાં-કયાં નથી, ઔ ોચિત અલંકાર વૈભવને ઉપયોગ કરી નારદના પરિભ્રમણ અને કૃષ્ણઝૂરાપાનું આલેખન કર્યું છે. એ અંગે અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે.

## ૨૧. કમલ કાનન કોલોની - શિવકુમાર જોષીઃ

શિવકુમાર જોષીકૃત નવલકથા ‘કમલ કાનન કોલોની’નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘નવલકથા-નિર્દેશ’માં “કકડે કકડે રસપ્રદ ‘કમલ કાનન કોલોની’” શીર્ષક હેઠળ કર્યું છે.

'કમલ કાનન' પરથી પડેલા કોલોની ના નામ આડકથા અને કૃતિમાં રહેલ મનોવૈજ્ઞાનિક અભિગમ તથા સ્વપ્નદૃશ્યોનો વિનિયોગ વગેરેને બિરદાવી લેખકે ટુકડે-ટુકડે મીઠાશ આપે છે. એવો અભિપ્રાય આ કૃતિ અંગે રાધેશ્યામ શર્માએ આપેલ છે.

**૨૨. સૂરજને કાળજે ડાઘ - ભૂપત વડોદરિયાઃ**

ભૂપત વડોદરિયાકૃત નવલકથા 'સૂરજને કાળજે ડાઘ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં ''સફેદ ચાદર પરના કાળા મંકોડા'' શીર્ષક હેઠળ કર્યું છે.

પત્રકારત્વ જગતમાં ચાલતા નિમ્ન સ્તરના કાવાદાવા અને સ્પર્ધકોને નીચા પાડવા ખેલાતા રાજકારણના વિષયવસ્તુને આલેખતી આ કૃતિ અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

> ***''કૃતિની એ ખૂબી છે કે હળવી શૈલીમાં અખબારી આલમની ચહલપહલ, ઊંચાઈ નહિ પણ નીચાઈ અને સત્ય-નિષ્ઠા શ્રદ્ધાને કરકોલી ખાતી ઊધઈનો કરુણ દસ્તાવેજ વિજ્ઞાપિત થયો છે.''*** [૧૯]

**૨૩. અંધારું - મણિલાલ હ. પટેલઃ**

મણિલાલ હ. પટેલકૃત નવલકથા 'અંધારું'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં ''માનવમાત્રની નિયતિ?'' શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના વિષયવસ્તુ સાથે 'અંધારું' કેવી રીતે એકરૂપ બની ગયું છે. એની ચર્ચા કરતાં રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"કાવ્યમય કલ્પનોથી, સર્જનાત્મક સંકલ્પનાથી અને સંયોજકની સૂઝબૂઝથી લેખકે તમસને અભિધા સ્તરેથી ઊંચકી પ્રતીકાત્મક કક્ષાએ મૂકવાનું લક્ષ્ય સાધ્યું છે."[૨૦]***

**૨૪. મરણટીપ, કમળપૂજા, ઝૂરાપ ાકાંડ – માય ડિયર જયુઃ**

માય ડિયર જયુકૃત નવલકથા 'મરણટીપ, કમળપૂજા, ઝુરાપ ાકાંડ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'એક અવનવી લહરા' શીર્ષક હેઠળ કર્યું છે.

સુરેશ જોશીએ દાખલ કરેલ પ્રયોગાત્મક તેમજ ઘટનાના આયામ બદલનારી નવલકથાની ચર્ચા કરી એ સંદર્ભમાં આ નવલકથા અંગે પોતાનો અભિપ્રાય આપતાં રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"'મરણટીપ', 'કમળપૂજા'- 'ઝુરાપ ાકાંડ' એ ત્રિપુટી લઘુનવલોના લેખક માય ડિયર જયુ સુરેશ જોશીની પંક્તિ પ્રયોગપરંપરાના એક અનોખા એકલ સિતારા છે. આજે નવલકથા-ઘટના પાત્રાનુવતી પરિમાણોમાં પાછી વળીને પ્રસ્તાર પામતી જાય એ સંયોગોમાં જયુની ત્રિકનવલ એક નવી લહ ર છે, અને રહેવાની."[૨૧]***

**૨૫. વૈદેહી – શિરીષ પંચાલઃ**

શિરીષ પંચાલકૃત નવલકથા 'વૈદેહી'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'વાંચક-લેખકનો વિવાદજનક સંવાદ' શીર્ષક હેઠળ કર્યું છે.

નવલકથાના વિષયવસ્તુ અંગે ઉપરછલ્લી ચર્ચા કરીને ટેક્નિક અંગે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"વાચકમાં પરકાયાપ્રવેશ કરી લેખક બોલે છે, 'પ્લેબેક' આપે છે. અને પછી વાચકના પ્રશ્નોનો લેખક જવાબ આપે છે. તોડ કાઢે છે, બચાવ કરે છે. વિરોધ કરે છે."[૨૨]***

**૨૬. ઝૂરાપો – પુરુરાજ જોષી :**

પુરુરાજ જોષીકૃત નવલકથા 'ઝૂરાપો'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "પ્રતીકપુષ્ટ-કથા-આકૃતિ" શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના પાત્રાલેખન એની થીમ અને પ્રતીકાત્મક ક્રિયાઓ વિશ[redacted] રાધેશ્યામ શર્માએ સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

**૨૭. જલવીથિ – યશવંત ત્રિવેદી:**

યશવંત ત્રિવેદીકૃત નવલકથા 'જલવીથિ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "કાવ્યમય જાંબુડી ઉદાસી" શીર્ષક હેઠળ કર્યું છે.

નિતાંત-નિયતિ નામના પાત્રોની સ્નેહકથનની આસપાસ રચાયેલ આ કૃતિ અંગે સંક્ષિપ્ત ચર્ચા કરતાં રાધેશ્યામ શર્માનોંધે છે કે,

***"નિતાંત-નિયતિની સ્નેહકથની કરુણાંક્તિ છે, આ 'જલવીથિ' સંદિગ્ધતાના સૌંદર્યથી આવરાયેલી છે; તાત્પર્ય કે પ્રે[redacted] કતા અને કટાક્ષનું વિચિત્ર મિશ્રણ છે.***

**૨૮. કાંચડો અને દર્પણ – બાબુ સુથારઃ**

બાબુ સુ[redacted]

એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં 'અવતરણોના ઊંટથી ધકકેલાતો પ્રયોગ' શીર્ષક હેઠળ કર્યું છે.

નવલકથાની પ્રયોગાત્મક શૈલીવિષયક ચર્ચા કરતાં રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"'કાંચડો અને દર્પણ' અવિનાભાવનો ઝંડો ફરકાવતી છતાં વિભાવનાગ્રસ્ત કૃતિ છે. અંગ્રજી અને અનૂહિત અવતરણોના અંગ્રજીથી કૃતિ સિદ્ધાંત પરસ્ત આક્રમણ (થિયરેટિકલ એગ્રેશન) નો ભોગ બની છે."***[૨૪]

**૨૯.મીરાં યાજ્ઞિકની ડાયરી - બિંદુ ભટ્ટઃ**

બિંદુ ભટ્ટકૃત નવલકથા 'મીરા યાજ્ઞિકની ડાયરી'નું વિવે[redacted] એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "અન્ધેરે મે ખડી ઔરંતે" શીર્ષક હેઠળ કર્યું છે.

સમાજનિષિદ્ધ સજાતીય સંબંધોને આલેખતી આ કૃતિમાં લેખિકાએ સાયકોલોજિકલ કેસનું કલાપદાર્થમાં સાહિત્યક રૂપાંતર કરવામાં દાખેલા કસબ અંગે અત્રે વિવેચકે ચર્ચા કરેલ છે.

**૩૦. સમુદ્રાન્તિકે - ધ્રુ[redacted] :**

ધ્રુ[redacted] ાન્તિકે'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'નવલકથા-નિર્દેશ'માં "સમુદ્રનું લોકોત્તર છતાં મનુષ્યરૂપ" શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત કૃતિમાં ધ્રુ[redacted] કૃતિમાં આલેખવાની ક્ષમતાને વિવેચકે બિરદાવી છે.

**૩૧. ગાંધારી - હસમુખ બારાડીઃ**

હસમુખ બરાડીકૃત નવલકથા 'ગાંધારી'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં "પુરાણપાત્રની વિ-નિર્મિતિ" શીર્ષક હેઠળ કર્યું છે.

પુરાણકથાનું લઘુ-નવલકથામાં ઢાળી પાત્રાલેખન કરવાની કળા વિષયક ચર્ચા અત્રે વિવેચકે કરી છે.

**૩૨. હથેળીમાં રણ - કનુ અડાશીઃ**

કનુ અડાશીકૃત નવલકથા 'હથેડીમાં રણ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં ''હથેડીમાં પરી'' શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના વૈવિધ્યસભર પાત્રાલેખન અને મેલોડ્રામેટિક અંશો હોવા છતાં લેખકે વર્ણનકલામાં સંયમ અંગે અત્રે વિવેચકે ચર્ચા કરી છે.

**૩૩. બેહુલા - ડૉ. દામોદર બલરઃ**

ડૉ. દામોદર બલરકૃત નવલકથા 'બેહુલા'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં ''પ્રતિબદ્ધતાનું કળારૂપ'' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત કતિમાં લેખકે દાક્તર નાયકના પાત્ર દ્વારા વેદનાશીલતા, ભાવનાપ્રધાનતા, સૌંદર્યરુચિ અને આદર્શ પ્રે[redacted] ાવિવા માટે કરેલાં પ્રયાસની વિવેચકે અત્રે નોંધ લીધી છે.

**૩૪. આધાર - પિનાકિન દવેઃ**

પિનાકિન દવેકૃત નવલકથા 'આધાર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'સાંપ્રત'માં ''રિક્તપાણિ રમા'' શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિના વિષયવસ્તુની આછી રૂપરેખા આપી કૃતિના ધ્યાનાર્હ મુદ્દાઓ અંગે ચર્ચા કરી એની મર્યાદાઓ અંગે નોંધ લેતા રાધેશ્યામ શર્મા જણાવે છે કે,

***''કૃતિની ભાષા સાદ્યંત એક સંવાદી સમ પર રહે છે. એમાં એની સફળતા છે પણ એ એની મર્યાદાયે બને. વર્ણન ઉપરાં[redacted]***

***ઉપમા-રૂપકને કાવ્યમયતાના મોહમાં લપટાઈને થતો વિનિયોગ ક્યાંક ક્યાંક આયાસની કૃત્રિમતાને અનાવશ્યક નોતરે છે."*[૨૫]**

### ૩૫. આંખો - ભારતી દલાલ:

ભારતી દલાલકૃત નવલકથા 'આંખો'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'સાંપ્રત'માં 'રીતિવિશેષ તરીકે સહોપસ્થિતિ' શીર્ષક હેઠળ કર્યું છે.

કૃતિનાં વિષયવસ્તુની નવીનતા અંગે સંક્ષિપ્ત ચર્ચા કર્યા બાદ 'સહોપસ્થિતિ' વિષયક અભિપ્રાય આપતા જણાવે છે કે,

***"એક રીતિવિશેષ (Techniac) તરીકે અહીં પાત્રફેરે, મૂ[illegible] , ચરિત્રફેરે વિવિધ વિભિન્ન અને વિશિષ્ટ પરિસ્થિતિઓમાં ત્રણ 'આંખો'નું એક સળંગ સંઘટિત કલ્પના નિરૂપણ સંભવ્યું છે."*[૨૬]**

### ૩૬. અસીમ પડછાયા - શિવકુમાર જોશી:

શિવકુમાર જોશીકૃત નવલકથા 'અસીમ પડછાયા'નું વિવેચન 'શિવકુમારનાં અગમવાદ' શીર્ષક હેઠળ રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'સાંપ્રત'માં ગ્ર[illegible]
છે.

કૃતિના કથાવસ્તુની આકર્ષકતા અને નાવીન્યની પ્રસંશાસભર નોંધ લઇને કથાના માનવજગતમાં ખૂટતી સૂક્ષ્મતા તેમજ સંકુલતાના અભાવ તરફ પણ રાધેશ્યામ શર્માએ અત્રે ધ્યાન દોર્યું છે.

### ૩૭. અકથ્ય - સુભાષ શાહ

સુભાષ શાહકૃત નવલકથા 'અકથ્ય'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'ઉલ્લેખ'માં "ગોળ ચાખી ચૂકેલા ગૂંગાની વારતાં" શીર્ષક હેઠળ કરીને

કૃતિમાં નામ પ્રમાણે કશુંય 'અકથ્ય' નથી પરંતુ તમામ પાસાઓ 'સુકથ્ય' છે. એવું નિરીક્ષણ આપ્યું છે.

**૩૮. સિન્ધુ સ્વામિની – અવિનાશ મહેતાઃ**

અવિનાશ મહેતાકૃત નવલકથા 'સિન્ધુ સ્વામીની'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'ઉલ્લેખ'માં ''પરંપરાગત પણ......'' શીર્ષક હેઠળ કર્યું છે.

ઐતિહાસિક, અર્ધ-ઐતિહાસિક અને અર્ધ કાલ્પનિક કથા વસ્તુ ધરાવતી આ કૃતિની પરંપરાગતતામાં પણ ઝબકતી આધુનિકતાના અંશો પરત્વે અત્રે રાધેશ્યામ શર્માએ ધ્યાન દોર્યું છે.

**૩૯. તૂટેલો એક દિવસ – નસીર ઇસ્માઇલીઃ**

નસીર ઇસ્માઇલીકૃત નવલકથા 'તૂટેલો એક દિવસ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'સંવેદનોની સુરાહીમાંથી'માં શીર્ષક હેઠળ કર્યું છે.

બે સ્ત્રી અને એક પુરૂષના પ્રણયત્રિકોણની આ કથામાં રહેલાં ચઢાવ-ઉતારને આર્દ્રતાથી ભરવાના લેખકના પ્રયાસની રાધેશ્યામ શર્માએ અત્રે નોંધ લીધેલ છે.

**૬.૩ ગુજરાતી ટૂંકીવાર્તા / વાર્તાસંગ્રહનું વિવેચનઃ**

**'આલેખ' વિવેચનસંગ્રહમાં ગ્રં[redacted]હનું વિવેચનઃ**

- મોહન પરમારકૃત 'કુંભી' વાર્તાસંગ્રહનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'નકશીકામથી નોંધપાત્ર બનતી વાર્તાઓ' શીર્ષક હેઠળ કર્યું છે. જેમાં વાર્તાલેખકના જુદી-જુદી વાર્તાઓ સંદર્ભે પ્રગટતા વાર્તાકૌશલ અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

- અઝીઝ ટંકારવી કૃત વાર્તાસંગ્રહ ‘સનદ વગરનો આંબો’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘વાર્તાની સંરચનામાં પ્રતીકવિધાન’શીર્ષક હેઠળ કર્યું છે. જેમાં લેખકે વાર્તા લેખનમાં કરેલ પ્રતીકયોજના અંગે સંક્ષિપ્ત ચર્ચા કરી છે.
- પુરુરાજ જોશીકૃત વાર્તાસંગ્રહ ‘માયાવિની’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ત્રેવીસ વર્ષ પછીનો સોનેરી સળવળાટ’ શીર્ષક હેઠળ કર્યું છે. જેમાં લાંબા અંતરાલ પછીની વાર્તાકલાની લેખકની તાજગી અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- યાસીન દલાલકૃત વાર્તાસંગ્રહ ‘માઇલસ્ટોન’નું વિવેચન રાધેશ્યામ શર્માએ “વ્યતીતાનુરાગ અને લગ્નબાહ્ય સંબંધો ” શીર્ષક હેઠળ કરીને વાર્તાઓમાં રહેલાં શીર્ષક મુજબના સ્થાનો અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

**‘વાર્તાવિચાર’ પુસ્તકમાં ગ્રં હનું વિવેચન :**

- સુરેશ જોશીકૃત વાર્તાસંગ્રહ ‘ગૃહપ્રવેશ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘લીલાપ્રયોગ અને પ્રયોગલીલા’ શીર્ષક હેઠળ કરી મોટાભાગે સુરેશ જોશીની વાર્તા નિરૂપણમાં રહેલી પ્રયોગાત્મકતા વિષયક સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- જ્યોતિષ જાનીકૃત વાર્તાસંગ્રહ ‘અભિનિવેશ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ “સ્વાદનિષ્ઠા અને સર્જકતાનો ‘અભિનિવેશ’” શીર્ષક હેઠળ કરી જુદી-જુદી વાર્તામાં પ્રગટતી સ્વાદનિષ્ઠા અને સર્જનિષ્ઠાના સ્થાનો તરફ નિર્દેશ કર્યો છે.
- સુમન શાહકૃત વાર્તાસંગ્રહ “જેન્તી-હંસા-સિમ્ફની”નું વિવેચન રાધેશ્યામ શર્માએ “ ‘ટોયોટા’ માંહયની વાસ્તવિક્તા” શીર્ષક હેઠળ કરી સુમન શાહની વાર્તાશૈલી વિષયક પ્રયોગાત્મક અંગે ચર્ચા કરી છે.

- વિજય શાસ્ત્રીકૃત વાર્તાસંગ્રહ ''હોવુ એટલે હોવું'' નું વિવેચન રાધે[illegible] ''સરેરાશ 'હોવા'ની ચિરંતન ક્ષણો'' શીર્ષક હેઠળ કરી સંગ્રહમાં ગ્રં[illegible] અંગે ઉપર છલ્લી ચર્ચા કરી છે.
- વિજય શાસ્ત્રીકૃત વાર્તાસંગ્રહ 'અસારે ખલુ સંસારે' નું વિવેચન રાધેશ્યામ શર્માએ ''ધ્યાનાર્હ વાર્તા રચનાઓ'' શીર્ષક હેઠળ કરીને ગ્રં[illegible] તરફ નિર્દેશ કર્યો છે.
- મણિલાલ હ.પટેલકૃત વાર્તાસંગ્રહ 'રાતવાસો'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'રોમેન્ટિક સર્જકતાનો ઉદ્રેક' શીર્ષક હેઠળ કરીને વાર્તાઓમાં પ્રગટતી લેખકની રોમેન્ટિક સર્જકતાને બિરદાવી છે.
- હિમાંશી શે[illegible] હ 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'તમસમાં શુભ્ર બિંદુઓ....' શીર્ષક હેઠળ કરીને સામાન્ય વિષયને કલ્પના શીલતાથી ભવ્ય બનાવવાની લેખિકાની ક્ષમતા બિરદાવી છે.
- ભૂપત અધ્વર્યુકૃત વાર્તાસંગ્રહ 'હનુમાન લવકુશ મિલન'માં પ્રગટતા લેખકના સર્જકોન્મેષ વિશે રાધેશ્યામ શર્માએ સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- પ્રબોધ પરીખકૃત વાર્તાસંગ્રહ 'કારણ વિનાના લોકો'માં દુર્બોધ વાર્તામાં પ્રગટતાં વાર્તાકસબ અંગે, શિરીષ પંચાલકૃત વાર્તાસંગ્રહ 'અંચઇ'માં લેખકની પરંપરાથી પ્રયોગાત્મકતા તરફની ગતિ અંગે, સરોજ પાઠકકૃત વાર્તાસંગ્રહ 'પ્રે[illegible] સ્ત્રીકેન્દ્રી વાર્તાઓ અંગે, તારિણી દેસાઇ કૃત વાર્તાસંગ્રહ 'રાજામહારાજા 'માં રહેલી કથાકલ્પિતતા અંગે હસુ યાજ્ઞિકકૃત વાર્તાસંગ્રહ 'દીવાલ પાછળની દુનિયા'માં રહેલી દુર્ભગતા, વિવિધતા તેમજ કરુણતા અંગે, વર્ષા દાસકૃત વાર્તાસંગ્રહ 'કનુપ્રિયા' માં પ્રગટતા રોમેન્ટિસિઝમ અંગે રાધેશ્યામ શર્માએ અત્રે સંક્ષિપ્તમાં ચર્ચા કરેલ છે.

## ૬.૪ ગુજરાતી ટૂંકીવાર્તાનું વિવેચનઃ

### ૧. 'આલેખ' વિવેચનપુસ્તકમાં ગ્રૃં

- અજિત ઠાકોરકૃત ટૂંકીવાર્તા 'માવઠું'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'ઇડિયસ' અવસ્થાનું કળાયુક્ત નિરૂપણ' શીર્ષક હેઠળ કરી લેખકની અત્યંત સંકુલ વિષયને સંયમપૂર્વક આલેખી કલાસ્વરૂપ સુધી પહોંચાડવાની ક્ષમતાનેં
- રજનીકુમાર પંડયાકૃત ટૂંકીવાર્તા 'ચંદ્રહાસ'નું વિવેચન "આસ્વાદ વેદના રંજિત નિરૂપણ શીર્ષક હેઠળ કરી કૃતિમાં પ્રગટતી દાહક સંવેદના વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે. ઉપરાંત રજનીકુમાર પંડયાની બીજી વાર્તાકૃતિ 'ગુલાબી કાગળનું' વિવેચન આસ્વાદઃ ઝાંખા પીળા પ્રકાશમાં ગુલાબી કાગળ' શીર્ષક હેઠળ કરી નાયકના મનોવિશ્વને આલેખવાની લેખકની કુશળતાને બિરદાવે છે.
- વિજય શાસ્ત્રીકૃત બે વાર્તાઓઃ 'અમથા ભગતની ઇન્ડિપેન' અને 'એક ખરેખર ડાહી છોકરીનું સ્વપ્ન'માં કલાસ્પર્શ પામેલી બાબતો અંગે રાધેશ્યામ શર્માએ અત્રે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

### ૨. 'સાહિત્યસંકેત' પુસ્તકમાં ગ્રૃં

- સુમન શાહકૃત ટૂંકીવાર્તા 'ફટફટિયું'નું વિવેચન રાધેશ્યામ શર્માએ "નાયકના અધોગમનનું વ્યાપક પ્રતીક શીર્ષક હેઠળ કરી વાર્તા નાયક પ્રવીણની તીવ્રતર આત્મલક્ષી સં-વેદના અને મનોયાતનાને પ્રતીકાત્મક રીતે આલેખવાની લેખકની યોજનાની નોંધ લીધેલ છે.
- યોગેશ જોશીકૃત ટૂંકીવાર્તા 'ગતિ'માં પ્રયોજાયેલા અતિવાસ્તવ અંગે, હરીશ નાર્ગ્રૃં ‑તીકયોજના અંગે હર્ષદ ત્રિવેદીકૃત 'નિયતિ' વાર્તાની ટ્રેકનિક તેમજ કથનકેન્દ્ર અંગે, રમેશ દવેની ત્રણ વાર્તાઓ 'સગપણ', 'ને સામે છે

મારું મન', 'જેટલાં મથાજા વાળ તોળી રાણી'માં રહેલી પ્રસંગ સંકલના અંગે રાધેશ્યામ શર્માએ સામાન્ય ચર્ચા કરેલ છે.

**૩. 'વાર્તાવિચાર' પુસ્તક માં ગ્રંથિ :**

- સુંદરમ્કૃત ટૂંકીવાર્તા 'ખોલકી'નું વિવેચન રાધેશ્યામ શર્માએ "પ્રકૃતિવાદ અને 'ખોલકી'" શીર્ષક હેઠળ કરી સુંદરમ્ કરેલા નેચરાલિસ્ટિક વર્ણનના સુંદર નમૂનાઓ તેમજ લોકવર્ણનો જેવા મુદ્દાઓ પર પ્રકાશ પાડયો છે.
- સુરેશ જોશીકૃત ટૂંકીવાર્તા 'ગૃહપ્રવેશ' ની નિરૂપણશૈલી, વિષયવસ્તુ અને પ્રયોગાત્મકતા વગેરે મુદ્દાઓ પરત્વે અત્રે રાધેશ્યામ શર્માએ સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- ઉમાશંકર જોશીકૃત 'છેલ્લુ છાણું' વાર્તામાં લેખકે સાધેલી સામગ્રી અને સ્વરૂપની અદ્ભૂત એકાત્મકતા વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.
- સ્નેહરશ્મિકૃત ટૂંકીવાર્તા 'મમી'માં પ્રગટતાં આત્મલક્ષી આદર્શવાદ અંગે રાધેશ્યામ શર્માએ સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- સુરેશ જોશીકૃત ટૂંકીવાર્તા 'કુરુક્ષેત્ર'માં રહેલી સભાન સર્જકતા અને કૃતક પ્રયોગાત્મકતા અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે. તેમજ 'થીંગડું' વાર્તામાં કથનકેન્દ્ર અને રીતિનિરૂપણ અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- મધુ રાયકૃત ટુંકીવાર્તા 'મકાન'માં લેખકે હરિયાના પાત્ર દ્વારા આલેખેલી આધુનિક દૃષ્ટાંતકથા અંગે અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે.
- કિશોર જાદવકૃત 'વિસ્મૃત' વાર્તામાં આલેખાયેલા ધુમ્મસના વાતાવરણ અંગે તેમજ એ સંદર્ભમાં વિકસતી કૃતિ અંગે અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે. તેમજ 'પોલાણના પંખી' વાર્તામાં શબ્દના માધ્યમથી જીવનના પોલાણનો અનુભવ કરાવવાના લેખકના કસબ અંગે ચર્ચા કરેલ છે.

- સુમન શાહકૃત ટૂં ‘રીંછ’માં રીંછના પ્રતીક દ્વારા લેખકે દાખવેલી કલાસિદ્ધ અંગે રાધેશ્યામ શર્માએ અત્રે ચર્ચા કરેલ છે.
- હિમાંશી શેલતકૃત ટૂંકીવાર્તા ‘હાથ’માં લેખિકાએ ‘હાથ’ની ઉપસ્થિતિ અનુપસ્થિતિને સાથે અને સામે મૂકી આપીને એક ભાવપ્રતીક ઊભું કરી આપ્યું એ વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.
- મહેશ દવેકૃત ટૂંકીવાર્તા ‘સદેવેત-સાવળિંગા’માં લેખકે પ્રયોજેલ ચલચિત્રની ગતિ જેવી દૃશ્યાત્મકતા અંગે અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે.
- પુરારાજ જોશીકૃત ટૂંકીવાર્તા ‘ઘાસ’માં લેખકે ‘ઘાસ’ના પ્રતીક દ્વારા સર્જેલ વિશિષ્ટ વાતાવરણ અંગે અત્રે રાધેશ્યામ શર્માએ ચર્ચા કરેલ છે.
- ભોળાભાઇ પટેલકૃત ‘ભારતીય ટૂંકીવાર્તા’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ટૂંકીવાર્તાનું ભારતીય સ્વરૂપ’ હેઠળ કરી પ્રસ્તુત પુસ્તકમાં ભારતીય વાર્તાનુવાદોને સંકલિત કરવાના તેમજ ટૂંકીવાર્તા વિષયક સૈદ્ધાંતિક ચર્ચા વિચારણા કરવાના લેખકના ઉપક્રમને બિરદાવ્યો છે.

**૪. ‘ઉલ્લેખ’ પુસ્તકમાંગ્ર હ/વાર્તાનું વિવેચનઃ**

- ન્હાનાલાલકૃત ‘પાંખડી’ઓ વાર્તાસંગ્રહનું વિવેચન રાધેશ્યામ શર્માએ કશી સંગ્રહમાં ગ્રે યોગશીલતા તેમજ કવિ ન્હાનાલાલની છબીની વાર્તાકાર જીદ ન્હાનલાલ પર વરતાતી અસરો વિષયક ચર્ચા કરેલ છે.
- ઉમાશંકર જોશીકૃત ‘શ્રાવણી મેળો’ વાર્તાસંગ્રહમાં સર્જક કવિની વાર્તાઓમાં ઝીલાતી છબી અંગે ચર્ચા કરી રાધેશ્યામ શર્માએ પ્રસ્તુત સંગ્રહની વિવિધ વાર્તાઓમાં પ્રગટતો પરંપરા અને પ્રયોગશીલતાનો સંયોગ તેમજ વિવિધ વિષયો પરની પકડ અને જીવંત પાત્રાલેખન વગેરે મુદ્દાઓની ચર્ચા કરેલ છે.

- આ ઉપરાંત હિમાંશી શેલતકૃત વાર્તાસંગ્રહ 'સાંજનો સમય'માં વાર્તાના માળખામાં વિષયનાવિન્ય દ્વારા લેખિકાએ વ્યક્ત કરેલા ક્રાંતિકારી વિચારો અંગે, મુકુન્દ પરીખ વાર્તાસંગ્રહ 'લુકિંગ ગ્લાસ'માંની પ્રયોગાત્મક વાર્તાઓ અંગે તેમજ તારિણી દેસાઇકૃત વાર્તાસંગ્રહ 'મરૂન જામલી ગુલાબી'ના વિષયવૈવિધ્ય તેમજ વાર્તાશૈલીના સંદર્ભમાં રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'શબ્દ સાથે સંવાદ'માં પોતાના નિરીક્ષણો રજૂ કરી સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

### ૬.૫ કાવ્યસંગ્રહોનું વિવેચનઃ

### ૧. પાંડુકાવ્યો અને ઇત્તર – દિલીપ ઝવેરીઃ

દિલીપ ઝવેરીકૃત કાવ્યસંગ્રહ 'પાંડુકાવ્યો અને ઇત્તર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં 'આ અરથ વિનાનું સપનું' શીર્ષક હેઠળ કર્યું છે.

'અરથ વિનાનું સપનું' શીર્ષક અંગે ચર્ચા કરીને રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

***"વિસ્મૃતિની કળણમાં ખૂંપીગૂપી મરવા કરતાં અસ્તિત્વને શબ્દની કળાના વૈભવથી શણગારવાની દિશામાં કવિ દિલીપ ઝવેરીનાં 'પાંડુકાવ્યો' એમનું સ્મરણીય યોગદાનછે."***[૨૭]

### ૨. માણસની વાત – લાભશંકર ઠાકરઃ

લાભશંકર ઠાકરકૃત કાવ્યસંગ્રહ 'માણસની વાત'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં 'નિર્ભ્રાંતિનો બીજનિક્ષેપ' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં કવિનો પોતાનો અવાજ અને કૃતિમાં આવતાં લયઆર્વનો કવિતામાં શુષ્ક વિધાનો, બુદ્ધિની વિડંબના વગેરે વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

### ૩. પવનના વેશમાં - ધીરેન્દ્ર મહેતાઃ

ધીરેન્દ્ર મહેતાકૃત કાવ્યસંગ્રહ 'પવનના વેશમાં'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં 'અનુભૂતિની ધીર ગતિ' શીર્ષક હેઠળ કર્યું છે.

'પત્ર', 'ચાડિયો', 'નગરથી ગામ', 'અમદાવાદમાં મિત્રોને વતનમાંથી' વગેરે કાવ્યો વિષયક પ્રાસ્તાવિક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

### ૪. ઝુમ્મરો - યશવંત ત્રિવેદીઃ

યશવંત ત્રિવેદીકૃત કાવ્યસંગ્રહ 'ઝુમ્મરો'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક 'આલેખ'માં 'આવી પરિભાષા કાવ્યની !' શીર્ષક હેઠળ કર્યું છે.

સરરિયલ કવિતા-કળાના સંદર્ભમાં પ્રસ્તુત સંગ્રહમાં પ્રયોજાયેલ કાવ્યોની પરિભાષા વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

### વિવેચનપુસ્તક 'સાહિત્યસંકેત'માં ગ્રં[illegible]

- લાભશંકર ઠાકરના ચાર કાવ્યસંગ્રહો : 'ટેવ', 'છે', 'છે પ્રતીક્ષા' અને 'આઇ ડોન્ટ નો સર' નું વિહંગાવલોકન રાધેશ્યામ શર્માએ અંતઃવસ્તુ, સ્વરૂપનિર્મિતિ અને અભિવ્યક્તિની દૃષ્ટિએ ઉપરોક્ત વિવેચનપુસ્તકમાં 'કવિશ્રી લાભશંકર ઠાકરના ચાર કાવ્યસંગ્રહો વિશે' શીર્ષક હેઠળ કર્યું છે.
- કવિ સિતાંશુ યશશ્ચંદ્રના કાવ્યોમાં પ્રતિબદ્ધતા અને સરરિયાલિઝમ વિષયક લેખ ઉપરોક્ત પુસ્તકમાં સિતાંશુના કાવ્યવિશ્વમાં પ્રતિબદ્ધતાનું સર્જનાત્મક પાસુ શીર્ષક હેઠળ કરેલ છે.
- ચંદ્રકાન્ત ટોપીવાલાકૃત કાવ્યસંગ્રહ 'આવાગમન'માં બોદલૅ[illegible] વિષયક સંક્ષિપ્ત ચર્ચા ઉપરોક્ત પુસ્તકમાં કરેલ છે.

- ધીરુ પરીખકૃત 'ઉડાન' કાવ્યસંગ્રહમાં કવિની પરંપરિત કાવ્યપ્રકારમાં સાંપ્રત પરિસ્થિતિને ઝડપવાની કલા વિષયક ચર્ચા ઉપરોક્ત પુસ્તકમાં "લાગણીના રગડા અંડોળી 'ઉડાન'" શીર્ષક હેઠળ કરેલ છે.
- ચંદ્રકાન્ત ટોપીવાળાએ અનુવાદ અને આસ્વાદ કરાવેલ વિદેશી કાવ્યોના આસ્વાદગ્રંથ 'અનેકાયન'ના વિવિધ કાવ્યોમાં પ્રગટતી વૈવિધ્યસભર મુદ્રાઓ અંગે રાધેશ્યામ શર્માએ ઉપરોક્ત પુસ્તકમાં પરિચાયત્મક ચર્ચા કરેલ છે.
- દિલીપ ઝવેરીકૃત પુરાણ કાવ્ય પરંપરામાં રચાયેલ નાટય-કાવ્ય 'વ્યાસોચ્છાવાસ' અંગે પરિચાયત્મક આસ્વાદ રાધેશ્યામ શર્માએ ઉપરોક્ત પુસ્તકમાં 'અરીસાની પાછળ પહોંચેલાં ભૂતકાળને નિમંત્રણ' શીર્ષક હેઠળ કરાવ્યો છે.

**વિવેચનપુસ્તક 'અક્ષર'માં ગ્રં ... હોનું વિવેચનઃ**

- યજ્ઞેશ દવેકૃત કાવ્યસંગ્રહ 'જાતિસ્મર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ "મૃત્યુનું મહાલય કે 'મેઘદૂત'નું ગાન? શીર્ષક હેઠળ કરીને કવિએ ડાર્વિનની ઉત્ક્રાન્તિ, આધુનિક વિશ્વનું વિષમ વાસ્તવ, પૌરાણિક અવતારો, બોધકથા-લોકકથાના પૌરાણિક મોટીફનો વિનિયો ... ૌઢિને ધ્યાનાર્હ ગણાવે છે.
- ઇન્દુ પુવારકૃત કાવ્યસંગ્રહ 'રોમાંચ નામે નગર'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'ઓળખની કટોકટીના કાંઠે મેલોડ્રામેટિક ફે ... હમાં ગ્રં ... રચનાઓના વિષયવસ્તુ અંગે પ્રાસ્તવિક ચર્ચા કરેલ છે.
- હર્ષદ ત્રિવેદીકૃત કાવ્યસંગ્રહ "એક ખાલી નાવ" નું વિવેચન રાધેશ્યામ શર્માએ "અપર્ણ વૃક્ષની વેદના" શીર્ષક હેઠળ કરીને ખાલીપાની લાગણીને જુદાં-જુદાં

પ્રતીકો દ્વારા કાવ્યસ્વરૂપે નિરૂપવામાં રહેલાં કવિ કર્મની સફળતા અંગે ચર્ચા કરેલ છે.

**‘ઉલ્લેખ’ વિવેચનપુસ્તકમાં ગ્રં[illegible] હોનું વિવેચન :**

- પિનાકિન ઠાકોરકૃત કાવ્યસંગ્રહ ‘એક પલક અજંપ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘અજ્ઞાત અજંપાની સઘનતા’ શીર્ષક હે[illegible] સ્તુત કાવ્યસંગ્રહમાં ગ્ર[illegible] અજંપાની લાગણીને વ્યક્ત કરતાં કાવ્યો અંગે પ્રાસ્તાવિક ચર્ચા કરેલ છે.
- મનોજ ખંડેરિયાકૃત કાવ્યસંગ્રહ ‘અચાનક’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘શૂન્યતા, શબ્દોમાં....’ શીર્ષક હેઠળ કરી શૂન્યતાની લાગણી દર્શાવતા સ્થાનોનો નિર્દેશ કરી પ્રસ્તુત કાવ્યસંગ્રહ અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.
- રાજેન્દ્ર પટેલકૃત કાવ્યસંગ્રહ ‘મેમરી અનાગસિ ઋતુ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કાળા આરસમાં કોતરણી’ શીર્ષક હેઠળ કરીને કવિના કૃષિવિષયક કાવ્યસંવેદનની રાવજી પટેલ સાથે સરખામણી કરેલ છે.
- મુકેશ વૈદ્યકૃત કાવ્યસંગ્રહ ‘ચાંદનીના હંસ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘વિષાદી અંધકારનું આલેખન’ શીર્ષક હેઠળ કરી કવિએ કાવ્યસ્વરૂપે વ્યક્ત કરેલાં વિષાદતત્વ અં[illegible]
- ભરત નાયકકૃત કાવ્યસંગ્રહ ‘અવત્તરણ’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘તિરાડ - દર્શન’ શીર્ષક હેઠળ કરી મુખ્યત્વે ‘તિરાડ’ કાવ્ય અંગે ચર્ચા કરેલ છે.
- હર્ષદ ચંદારાણાકૃત કાવ્યસંગ્રહ ‘ફીણમું[illegible] પાંચ સાત ટીપાં....’ શીર્ષક હેઠળ કરીને કવિની ગઝલોમાં ઉંડાણના અભાવ વિષયક સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

## ૬.૬ ગુજરાતી કાવ્યકૃતિઓનું વિવેચનઃ

**'કાવ્યસંકેત' પુસ્તકમાં ગ્રં**

### ૧. વાંસડી વેચનારો – ઉમાશંકર જોશી:

ઉમાશંકર જોશીકૃત કાવ્યરચના 'વાંસળી વેચનારો'નું શર્માએ 'શબ્દાકૃત લયલીનતા' શીર્ષક હેઠળ કરી કાવ્યાત્મક લયને શબ્દાકૃત કરવાની કવિની ક્ષમતાને બિરદાવી છે.

### ૨. પુષ્પ થૈ આવીશ – સુન્દરમ્:

સુન્દરમ્ કાવ્યરચના 'પુષ્પા થૈ આવીશ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'એકલક્ષી એકપક્ષી પ્રેમ તીક' શીર્ષક હેઠળ કરી પ્રસ્તુત કાવ્યમાં કવિએ પ્રભુપ્રીતિનું આલેખન કાવ્યસ્વરૂપે સર્જકતાના સ્પર્શ સાથે કેવી રીતે કર્યું છે. તેની અત્રે ચર્ચા કરેલ છે.

### ૩. કોલોકિયલ ગુજરાતીમાં કવિતા – ચંદ્રવદન મહેતાઃ

ચંદ્રવદન મહેતાકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'કાવ્યમાં કેટલીક નાટયાત્મક ક્ષણ' શીર્ષક હેઠળ કરીને કાવ્યમાં રહેલી નાટયાત્મક ક્ષણોને શીર્ષક મુજબ દર્શાવી આપી છે.

### ૪. નથી આ દેશ મારો – કરસનદાસ માણેકઃ

કરસનદાસ માણેકકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'તાદાત્મ્યભંગની કટોકટી' શીર્ષક હેઠળ કરી કવિના દેશ પ્રત્યેના તીવ્ર તાદાભ્યભંગની લાગણીની અભિવ્યક્તિ કાવ્યસ્વરૂપે નિરૂપવાની કુશળતાને બિરદાવી છે.

**૫. આવો! – મકરન્દ દવેઃ**

મકરન્દ દવેએ ઉપરોક્ત કાવ્ય ગીતરચનામાં શક્તિ પરમાત્માને જુદા-જુદા રૂપકો દ્વારા સર્વોતમ સિદ્ધ કરી ગીત-સ્વરૂપની રચનામાં સર્વોતમ સિદ્ધિ હાંસલ કરી છે. એવું મંતવ્ય અત્રે રાધેશ્યામ શર્માએ આપેલ છે.

**૬. ધ્વનિ – રાજેન્દ્ર શાહઃ**

રાજેન્દ્ર શાહકૃત ‘ધ્વનિ’ રચનાને રાધેશ્યામ શર્માએ કાવ્યના રસસ્થાનો તેમજ વિચાર-તણખાઓ દર્શાવી આપી રૂપ અર્થોને અતિક્રમી ભાવ-ભાષાને ઉચ્ચતા બક્ષતું કાવ્ય ગણાવ્યું છે.

**૭. અગનગીત – નિરંજન ભગતઃ**

નિરંજન ભગતકૃત કાવ્યરચના ‘અગનગીત’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘રુદ્રસ્વપ્નર્નૂ**શ**      યા પર નિમંત્રણ’ શીર્ષક હેઠળ કરી આ કાવ્યને આધુનિક ચેતનાના પ્રતિનિધિરૂપ કાવ્ય ગણાવ્યું છે.

**૮. નેવ્યાસી વર્ષની વયે – પ્રિયકાન્ત મણિયારઃ**

પ્રિયકાન્ત મણિયારકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ કરી ગાંધીજી પરના આ કાવ્યમાં કવિએ સિદ્ધ કરેલાં વિભિન્ન આયામો અને ભાષાલક્ષિતા વિષયક ચર્ચા કરેલ છે.

**૯. હાથ – નલિન રાવળ :**

નલિન રાવળકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘અતિ-વાસ્તવમાં સમ્ભવેલો કરમોક્ષ’ શીર્ષક હેઠળ કરી પ્રસ્તુત રચનામાં રહેતી નિરંજનીય શૈલીના પ્રભાવ વિષયક ચર્ચા કરેલ છે.

**૧૦. અંધારાં-અજવાળા – જયન્ત પાઠકઃ**

જયન્ત પાઠકકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'બાવન બોરી બારાખડીમાં નામ.......' શીર્ષક હેઠળ કરી કાવ્યમાં પ્રયોજાયેલ ક્રિયાપદો પ્રતિકયોજના અને છેક સુધી જળવાતી રસાત્મકતાને બિરદાવી છે.

**૧૧. એક ભાદ્રતંદ્રા – ઉશનસ્ઃ**

ઉશનસ્કૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'સપરિચિત સામગ્રીનું રસાત્મક રૂપાન્તરણ' શીર્ષક હેઠળ કરી પ્રસ્તુત રચનામાં તડકો વરસાદ જેવી પરિચિત સામગ્રીને અપરિચિત બનાવ્યા વિના કળાત્મક રૂપાંતરણ સાધવાની કૃતિની કુશળતાને બિરદાવી છે.

**૧૨. પત્નીનો નિદ્રાસ્પર્શ – રાવજી પટેલઃ**

રાવજી પટેલકૃત ઉપરોક્ત કાવ્રચનાનું વિવેચન રાધેશ્યા મ શર્માએ 'સ્વાદ અને સ્પર્શનો વિશિષ્ટ સંકેર' શીર્ષક હેઠળ કરીને સદર્ભમાં કવિની વિલક્ષણ સર્જક-સંવેદનતંત્રની અનુભૂતિને કાવ્યાત્મક સ્પર્શ આપવાની કલાની નોંધ લીધેલ છે.

**૧૩. એક કવિતા – સુરેશ જોષીઃ**

સુરેશ જોષીકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'જિજીવિષાનો તંતુ' શીર્ષક હેઠળ કરી જિજીવિષાને દર્શાવતી કવિની પ્રતીકયોજનાની પ્રસંશા કરી છે.

**૧૪. ફરી પાછું વૃક્ષ – સિતાંશુ યશશ્ચંદ્રઃ**

સિતાશું યશશ્ચદ્રકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ''મૂળ વૃક્ષરૂપની વિ-(આ) કૃતિ'' શીર્ષક હેઠળ કરી કવિએ પર્યાવરણની સમસ્યાને છંછેડયા વિના

વૃક્ષની મનુજ વિકૃતિ તેમજ વ્યાકૃતિને સહજતાથી ભાષાબદ્ધ કરવાના ઉપક્રમને બિરદાવ્યો છે.

### ૧૫. હરિવર આવોને - લાભશંકર ઠાકરઃ

લાભશંકર ઠાકરકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન 'રસેન્દ્રિય હનનના આઘાતનું ગીત !' શીર્ષક હેઠળ કરી રાધેશ્યામ શર્માએ કવિએ ઉપજાવેલી મેલોડ્રામેટિક અસરો વિષયક ચર્ચા કરેલ છે.

### ૧૬. ચહેરો - ગુલામ મોહમ્મદ શેખઃ

ગુલામ મોહમ્મદ શેખ ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'શબ્દાકૃતિમાં જાગતિક સભાનતાનું પ્રતિબિંબ' શીર્ષક હેઠળ કરી કવિની કલ્પન સંરચનાની નોંધ લઇ સફળ વાચાળ કૃતિ ગણાવી છે.

### ૧૭. આ ઝાડ જુઓને - ચન્દ્રકાન્ત શેઠઃ

ચન્દ્રકાન્ત શે[illegible] [illegible] અમર વેદના' શીર્ષક હેઠળ કરી ગંભીર સામગ્રીને ગીતના સહજ લયમાં હળવે[illegible] કવિકર્મને રસપ્રદ ગણાવ્યું છે.

### ૧૮. સ્વવાચકની નોંધ - રાજેન્દ્ર શુક્લઃ

રાજેન્દ્ર શુક્લકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'બસથી અલમ્ સુધી' શીર્ષક હેઠળ કરી કવિની ભાષાશક્તિ, કાવ્યમાં થતો સમય પરિવર્તનને આભાર વગેરે વિષયક ચર્ચા કરી છે.

## ૧૯. જ્ઞાનીઓનું ગીત – 'આદિલ' મનસૂરીઃ

'આદિલ' મનસૂરીકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'તરંગની આકૃતિ' શીર્ષક હેઠળ કરી કાવ્યમાં પ્રર્વતતી તરંગલીલા અને લીલા તરંગ સંદર્ભે કવિના ભાષાકર્મની ચર્ચા કરેલ છે.

## ૨૦. વાચા – ચિનુ મોદીઃ

ચિનુ મોદીકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'સર્જકનું રામકૃત્ય' શીર્ષક હેઠળ કરી કૃતિના વળાંકો, વિરામ, પદ્બંધ, પંક્તિગતિ તેમજ શબ્દ ચયન વગેરે સંદર્ભમાં કવિની સર્જકતાની ચર્ચા કરેલ છે.

## ૨૧. કોણ? – રમેશ પારેખઃ

રમેશ પારેખકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ફાટેલા નેત્રોનો નિઃસ્તબ્ધ 'ફ્રીઝ શોટ' શીર્ષક ફેઠળ કરી 'હું કોણ ?' ના માનવને મૂંઝવતા પ્રશ્નની કાવ્યસ્વરૂપે અસ્તિત્વવાદી વિચારસરણીને રજૂ કરવાના પ્રયત્નની નોંધ લીધેલ છે.

## ૨૨. સોનેટ દ્વયઃ પિતૃકંઠે – ફરીથી : ભગવતીકુમાર શર્માઃ

ભગવતીકુમાર શર્માકૃત ઉપરોક્ત બંને સોનેટનું
'આત્મતપનની શુદ્ધ અભિવ્યક્તિ' શીર્ષક હેઠળ કરી કાવ્ય વિષયને અનુરૂપ સોનેટ સ્વરૂપને કવિએ આપેલાં ન્યાય અંગે મુખ્યત્વે ચર્ચા કરેલ છે.

## ૨૩. લઇ ગઇ .... લઇ ગઇ – અદમ ટંકારવીઃ

અદમ ટંકારવીકૃત ઉપરોક્ત ગઝલની રદીફ કાફિયા મતલબના સંદર્ભથી સંક્ષિપ્ત ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

**૨૪. એક – મનહર મોદીઃ**

મનહર મોદીકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કવિની ઉત્સૂત્ર રાજભાષા’ શીર્ષક હેઠળ કરી રચના સંદર્ભે કવિની ભાષાશૈલી વિષયક સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

**૨૫. બળે દીવાની જ્યોત – ધીરેન્દ્ર મહેતાઃ**

ધીરેન્દ્ર મહેતાકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘લેખનકર્મ અને દીપજ્યોતિનો સંગમ’ શીર્ષક હેઠળ કરી આ કાવ્યને આત્મખોજની દિશા ચીંધતું કાવ્ય ગણાવ્યું છે.

**૨૬. તીર ચોમાસે......... – યો[illegible] :**

યોસેફ મેકવાનકૃત ઉપરોક્ત કરુણપ્રશસ્તિ પ્રકારનું કાવ્ય સ્વ. રાવજી પટેલને કેન્દ્રસ્થાને કરીને લખાયેલું છે. જેનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘રાવજી રેકોર્ડ’ શીર્ષક હેઠળ કરી બંને કવિઓની મૈત્રી વિષયક તેમજ કાવ્યમાં પ્રવર્તતા કરુણ વિષયક ચર્ચા કરેલ છે.

**૨૭. પડછાયા – દિલીપ ઝવેરીઃ**

દિલીપ ઝવેરીકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ “ત્રણ પડછાયાનો કીર્તન ઓરછવ” શીર્ષક હેઠળ કરી સર્જકના વાસ્તવ દર્શનની અનુભૂતિ સંરચનાત્મક સંકલનથી કવિતા સ્વરૂપ પામી શકી એ વિષયક ચર્ચા કરેલ છે.

**૨૮. એક કાવ્ય – નીતિન મહેતાઃ**

નીતિન મહેતાકૃત ઉપરોક્ત રચનાનો આસ્વાદ રાધેશ્યામ શર્માએ ‘આસ્વાદ એક અનવદ્ય સંરચનાનો” શીર્ષક હેઠળ કરી કવિના તથ્ય-દૃશ્ય પ્રસ્તુત કરવાના કસબની સંરચનાવાદી અભિગમથી ચર્ચા કરેલ છે.

### ૨૯. વૈશાખ : એક – જયદેવ શુક્લઃ

જયદેવ શુક્લકૃત ઉપરોક્ત રચનાનો આસ્વાદ રાધેશ્યામ શર્માએ ‘સ્થિતિમાં ચમત્કૃતિ’ શીર્ષક હેઠળ કરી કાવ્યમાં રહેલી ચિત્રાત્મકતા તેમજ ઉર્મિમય ભાવાભાસની નોંધ લીધેલ છે.

### ૩૦. પગ – કમલ વોરાઃ

કમલ વોરાકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કમલનું નિર્માણ યાદ-પદ્મ-પુરાણ’ શીર્ષક હેઠળ ભાષાશૈલી વિષયક અભિગમથી કરેલ છે.

### ૩૧. ચક્ર (એક માણસ) – ભરત નાયકઃ

ભરત નાયકકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘વિવશ હણહણાટીસભર શૂર’ શીર્ષક હેઠળ કરીને કાવ્યને કળાકૃતિનો સ્પર્શ આપવાની કવિની સર્જક-ક્ષમતાને અત્રે બિરદાવી છે.

### ૩૨. દવ – કાનજી પટેલઃ

કાનજી પટેલકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘થથરે પડાપડી ને ફરકે ફણગો.....’ શીર્ષક હેઠળ કરી કાવ્યમાં આલેખન પામેલી ઇન્દ્રિય સંવેદ્યતા શૈલીમર્મ અને ભાષાકર્મ વિષયક ચર્ચા કરેલ છે.

### ૩૩. બાબાગાડી – પવનકુમાર જૈનઃ

પવનકુમાર જૈનકૃત ઉપરોક્ત રચનામાં રહેલાં ‘એબ્સર્ડ’ વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

### ૩૪. માથાં - સંસ્કૃતિરાણી દેસાઇઃ

સંસ્કૃતિરાણી દેસાઇકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું રાધેશ્યામ શર્માએ વિશિષ્ટ અનુભૂતિનું વ્યાપક સાધારણીકરણ દર્શાવતી ટેક્નિકની દૃષ્ટિએ ધ્યાનપાત્ર કૃતિ ગણાવી છે.

### ૩૫. કાળો ડુંગર (કચ્છ) - ચન્દ્રકાન્ત ટોપીવાળાઃ

ચન્દ્રકાન્ત ટોપીવાળાકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'કવિતાના અચલેશ્વરી ગઢની રોમહર્ષક યાત્રા' શીર્ષક હેઠળ કરી કાવ્યમાં રહેલાં ઐતિહાસિક સાંસ્કૃતિક સંદર્ભો તેમજ સોરઠા-પ્રકારને કવિએ આપેલા ન્યાયના સંદર્ભમાં કરેલ છે.

### ૩૬. વાવોલ - ભાનુપ્રસાદ ત્રિવેદીઃ

ભાનુપ્રસાદ ત્રિવેદીકૃત ઉપરોક્ત રચનામાં મનોવૈજ્ઞાનિક તાપને શબ્દસ્થ કરવાનાં કવિના કળા-પુરુષાર્થને રાધેશ્યામ શર્માએ

### ૩૭. તજો રે મગનગોફે - રઘુવીર ચૌધરીઃ

રઘુવીર ચૌધરીકૃત ઉપરોક્ત રચનામાં રહેલી આધ્યાત્મિક અનુભૂતિની ઊંચાઇનું આંતરિક વિશ્વ અને બાહ્યજગતની વાસ્તવિકતાની કશ્મકશમાં ખીલેલો સર્જકતાની અત્રે રાધેશ્યામ શર્માએ નોંધ લીધેલ છે.

### ૩૮. હજીયે એ ઝંખે છે. - મફત ઓઝાઃ

મફત ઓઝાએ ઉપરોક્ત રચનામાં નાગાંપૂંગાં બાળકના પ્રતીક દ્વારા સામાજિક માનવીય નિસબતને કવિતાસ્વરૂપે ઢાળી આપી છે. એ વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

### ૩૯. ઉન્માદ -મુકેશ વૈદ્યઃ

મુકેશ વૈદ્યકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘સર્જક ચેતનામાંનો મોહેં-જો-દડો’ શીર્ષક હેઠળ કરી કૃતિનાં કેન્દ્રમાં રહેલાં અચેતન આદિમતા વિષયક ચર્ચા કરેલ છે.

### ૪૦. ઇડરિયો ગઢ આજે - મણિલાલ હ. પટેલઃ

મણિલાલ હ. પટેલની ઉપરોક્ત રચનામાં એમનાં ઇડરિયા ગઢ પ્રત્યેના વિસ્મય ભરેલા પ્રે ઉતારવાની કુશળતાની અત્રે રાધેશ્યામ શર્માએ નોંધ લીધેલ છે.

### ૪૧. વડોદરા - હરીન્દ્ર દવે

હરીન્દ્ર દવેકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કુપણનું સુગ્રથન કે વિકૃતિકરણ?’ શીર્ષક હેઠળ કરી જનમાનસમાં કૃષ્ણના વિવિધ સ્વરૂપો અંગે કૃષ્ણનું મંતવ્ય કેવું હોય ? એ મુદ્દાને સર્જક ચેતનાના સ્પર્શ સાથે કાવ્યસ્વરૂપે આલેખવામાં મળેલી સફળતા અંગે ચર્ચા કરેલ છે.

### ૪૨. રંગભેદ - અનિલ જોશી:

અનિલ જોશીકૃત ઉપરોક્ત રચનામાં અત્યંત સંવે કૃતિ સંબંધિત પ્રતીકયોજના દ્વારા કાવ્યસ્વરૂપે આકૃત કર્યો છે. એની રાધેશ્યામ શર્માએ અત્રે પ્રસંશાપૂર્વક નોંધ લીધેલ છે.

### ૪૩. વરદાન - યશવંત ત્રિવેદીઃ

યશવંત ત્રિવેદીકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ઇશનું વરદાનઃ ઇશુ/ત્રિશંકુ’ શીર્ષક હેઠળ કરી અછાંદસમાં નીખરેલી સર્જકપ્રતિભા અર્થસમર્પકતા તેમજ પદોના વપરાશમાં દાખવેલો સંયમ વગેરે મુદ્દા અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

### ૪૪. શબદ – સુધીર દેસાઇ

સુધીર દેસાઇકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'આસ્થાનો આધાર' શીર્ષક હેઠળ કરી અન્ય આધારો ખૂટી પડે ત્યારે શબ્દના આધારે ટકવા મથતા કવિસંવેદન સંદર્ભે ચર્ચા કરેલ છે.

### ૪૫. સહરા-તરસ સાથે – સુરેશ દલાલઃ

સુરેશ દલાલકૃત ઉપરોક્ત રચનામાં ફોનમાં પ્રિયપાત્રના અવાજ સાંભળવાની તીવેચ્છાનું ભાવસંક્રાન્તિમાં થતા રૂપાંતરની નોંધ અત્રે રાધેશ્યામ શર્માએ લીધેલ છે.

### ૪૬. વાવાઝોડા પછીની સવારે – જયા મહેતાઃ

જયા મહેતાકૃત ઉપરોક્ત કાવ્ય રચનાનો આસ્વાદ રાધેશ્યામ શર્માએ 'વસ્તુલક્ષી અને તત્વલક્ષી સંરચના' શીર્ષક હેઠળ કરાવીને શીર્ષકમાં દર્શાવેલાં બંને પાસાંઓ અંગે અત્રે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

### ૪૭. દેખાય કયાં – 'ધૂની' માંડલિયાઃ

'ધૂની' માંડલિયાકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ 'શાશ્વતિની સરિતા' શીર્ષક હે[redacted] ાત્રાનો ઉપર છલ્લો નિર્દેશ આપ્યો છે.

### ૪૮. છેક છે[redacted] – મેઘનાદ ભટ્ટઃ

મેઘનાથ ભટ્ટકૃત ઉપરોક્ત કાવ્યરચનામાં 'છોડ'ના પ્રતીક દ્વારા છેવાડાતા માનવીના ઉદ્ધારની વાત કરીને કવિએ કાવ્યકૃતિમાં અંત્યોદયની વાતને ગુંથીને કળાસ્વરૂપ આપ્યું છે તેની નોંધ અત્રે રાધેશ્યામ શર્માએ લીધેલ છે.

**૪૯. વારસામાં – મંગળ રાઠોડ:**

મંગળ રાઠોડકૃત ઉપરોક્ત રચનાનું વિવેચન રાધેશ્યામ  શર્માએ ‘ઊંડા અ?ધારેથી .....’ શીર્ષક હેઠળ કરીને ગદ્યરચનામાં રહેલાં વ્યંજનાત્મક ભાષાકર્મની નોંધ લીધેલ છે.

**૫૦. કદાચ – પ્રાણજીવન મહેતાઃ**

પ્રાણજીવન મહેતાકૃત ‘કદાચ’ રચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ચીસના માળામાં સૂર્ય’ શીર્ષક હેઠળ કરીને કાવ્યની પદસંરચના તેમજ ભાવ-સ્થિત્યંતર માં કવિએ દાખવેલા કળાત્મક કસબની નોંધ લીધેલ છે.

**૫૧. સાંજની લટાર – રમણીક અગ્રાવત :**

રમણીક અગ્રાવતકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘પંચાગુંલ-ઉર્ધ્વ વાસ્તવનું ગતિચિત્ર’ શીર્ષક હેઠળ કરીને સાજેં લટાર મારતી વખતે અનુભવેલા સંવેદન જગતને ચિત્રાત્મક રીતે કાવ્યસ્વરૂપમાં ઊતાર્યું છે. એ વિષયક સંક્ષિપ્ત ચર્ચા કરે છે.

**૫૨. સૂર્યનું આત્મકથન – પ્રવીણ દરજીઃ**

પ્રવીણ દરજીકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘આકાશને કેદખાનું કહેતી સૂર્યચેતના શીર્ષક હેઠળ કરીને પુરાકલ્પન શાસ્ત્રના સંદર્ભમાં કાવ્યના રસસ્થાનો તેમજ પ્રતીકોની ચર્ચા કરેલ છે.

**૫૩. નગરને આવેલાં દુઃસ્વપ્નનું ગીત – મધુકાન્ત કલ્પિતઃ**

મધુકાન્ત કલ્પિતકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ટહુકો પણ શાપ બની ગયો છે.’ શીર્ષક હેઠળ કરી કવિએ ભૂંસાતા ગ્રામજીવન અને ફેલાતા

શુષ્ક અરણ્ય જેવા નગર જીવનના વિષાદને પ્રગટ કરવામાં પ્રયોજેલ પ્રતીકયોજના વિષયક ચર્ચા અત્રે કરેલ છે.

**૫૪. મહેમાન – દિવ્યા રાવળઃ**

દિવ્યા રાવળકૃત ઉપરોક્ત કાવ્યરચનામાં કવયિત્રીએ કોઇકના અભાવથી ઉદ્‌ભવેલા ખાલીપાને શબ્દસ્થ કરી કાવ્યસ્વરૂપમાં કુશળતાપૂર્વક ઢાળી આપ્યો છે. તેની નોંધ અત્રે રાધેશ્યામ શર્માએ લીધેલ છે.

**૫૫. અગિયારથી પાંચ – ગુણવંત શાહઃ**

ગુણવંત શાહકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘ચીલાની કબરમાંથી કોચમીન’ શીર્ષક હેઠળ કરી આધુનિક માનવીના અગિયારથી પાંચના ઓફિસના કોચલામાં પુરાઇ રહેવાની જડ કારુણ્યસભર પરિસ્થિતિનું અછંદાસ સ્વરૂપે આલેખન કરવાની કુશળતાને બિરદાવી છે.

**૫૬. મધરાતે – અજિત ઠાકોરઃ**

અજિત ઠાકોરકૃત ઉપરોક્ત કાવ્યરચનાનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘માણસ-ફાનસ-મૃત્યુ’ શીર્ષક હેઠળ કરીને કવિની વાસ્તવના સાક્ષાત્કારને શબ્દબદ્ધ કરીને કાવ્ય-કલાકૃતિ નીપજાવવાની ક્ષમતાની પ્રસંશાસભર નોંધ લીધેલ છે.

**૫૭. સુંદરમ્ સાથે હસ્ત ધનૂન – રાધેશ્યામ શર્માઃ**

રાધેશ્યામ શર્માએ સ્વરચિત રચના ‘સુંદરમ્ સાથે હસ્ત ધનૂન’ નો આસ્વાદ ‘અંગત અંજલિદીપની જ્યોતિશિખ શીર્ષક હેઠળ કરી સુંદરમ્ હયાત નથી ત્યારે કૃતિદેહ દ્વારા એમની સર્જકપ્રતિભાને અંજલિ અર્પી છે.

## 'સાંપ્રત' વિવેચનપુસ્તકમાં ગ્રં[redacted] કૃતિવિવેચન

### ૧. મૃણાલ - સુરેશ હ. જોશી :

સુરેશ જોશીકૃત 'મૃણાલ' કાવ્યનું વિવેચન રાધેશ્યામ શર્માએ " દૃષ્ટાંત-રાગનું રસાયન" શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત દીર્ઘ-ગદ્યકાવ્યમાં પ્રિયાવિહર ને પૂર્વસ્મૃતિઓના માધ્યમ દ્વારા વ્યક્ત કરીને જીવનની ભંગું[redacted] અંગે રાધેશ્યામ શર્માએ અત્રે ચર્ચા કરેલ છે.

### ૨. અથવા - ગુલામ મોહમ્મદ શેખઃ

ગુલામ મોહમ્મદ શેખકૃત કાવ્યરચના 'અથવા' નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'કવિતામાં ચિત્રસંવેદના' શીર્ષક હેઠળ કરી પ્રસ્તુત કાવ્યમાં કવિએ કાવ્યસંવેદનને આપેલી ચિત્રાત્મકતા દર્શાવતા સ્થાનોનો નિર્દેશ કરી એ વિષયક ચર્ચા કરેલ છે.

### ૩. ઓડિસ્યૂસનું હલેસું - સિતાંશુ યશશ્ચંદ્રઃ

સિતાંશુ યશશ્ચંદ્રકૃત કાવ્યરચના 'ઓડિસ્યૂસનું હલેસું' નું વિવેચન રાધેશ્યામ શર્માએ આપનાઓમાં સ્વકીય સંકેતોની સુરંગો શીર્ષક હેઠળ કરી કાવ્યમાં વ્યાપ્ત સર્‌રિયાલિઝમ વિષયક મુખ્યત્વે ચર્ચા કરેલ છે.

### ૪. ઊઘડતી દીવાલો - ચન્દ્રકાન્ત શેઠઃ

ચન્દ્રકાન્ત શેઠકૃત કાવ્યરચના 'ઊઘડતી દીવાલો'નું વિવેચન રાધેશ્યામ શર્માએ પદભ્રષ્ટ અસ્તિત્વનો અજંપો શીર્ષક હેઠળ કરીને કવિએ પ્રસ્તુત કાવ્યમાં સ્થૂળ ભૌતિક વાસ્તવિકતા અને ઉચ્ચાવચ શ્રેણીની વિષમતાને સીધી સપાટ શૈલીમાં આલેખવાની કલાની નોંધ લીધેલ છે.

## 'કર્તા-કૃતિ વિમર્શ' પુસ્તકમાં ગ્રં[redacted] સંગ્રહોનું વિવેચન

### ૧. શાંત કોલાહલ - રાજેન્દ્ર શાહ :

રાજેન્દ્ર શાહકૃત કાવ્યરચના 'શાંત કોલાહલ' નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'વાસ્તવને અન્ડરલાઇન કરી ઘૂંટતું ભાષાકર્મ' શીર્ષક હેઠળ કરીને કાવ્યની આકૃતિ, શૈલી, ચિત્રાત્મકતા અને ભાષાકર્મ વિષયક ચર્ચા કરેલ છે.

### ૨. નાન્દી - પ્રજારામ રાવળ :

પ્રજારામ રાવળકૃત કાવ્યસંગ્રહ 'નાન્દી' નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'મુક્તિની ઝંખા' શીર્ષક હેઠળ કરીને પ્રસ્તુત સંગ્રહના કાવ્યોમાં વપરાતી અરવિંદ અને શ્રીમાતાજીના જીવનદર્શનની અસરો વિષયક ચર્ચા કરેલ છે.

### ૩. લઘરો - લાભશંકર ઠાકરઃ

'લઘરો' કાવ્યસંગ્રહમાં લાભશંકર ઠાકરે લઘરાના 'મિથ'નો કાવ્યરચનામાં વિનિયોગ કરી એબ્સર્ડ-કલ્પિતની અસર ઊભી કરવામાં મેળવેલી સફળતા વિષયક ચર્ચા કરી રાધેશ્યામ શર્માએ કરેલ છે.

આ ઉપરાંત રાધેશ્યામ શર્માએ 'શબ્દ સાથે સંવાદ' વિવેચનપુસ્તકમાં ચન્દ્રકાન્ત શેઠકૃત કાવ્યસંગ્રહ 'જળ વાદળને વીજ'માં પ્રકૃતિતત્વના કવિએ કરેલા કાવ્યતત્વના કવિએ કરેલા કાવ્યતત્વ રૂપાંતર વિષયક હરીશ મીનાશ્રૃ કૃત પર્જન્યસૂક્તની કાવ્યસંગ્રહની આધુનિકતા વિષયક લાભશંકર ઠાકરકૃત 'આવ' કાવ્યસંગ્રહમાં રહેલાં એબ્સર્ડ વિષયક, હેમંત દેસાઇ કૃત કાવ્યસંગ્રહ 'કાવ્યઘટના'ની પ્રયોગશીલતા વિષયક ચર્ચા કરેલ છે.

'શબ્દ સમક્ષ' વિવેચન પુસ્તકમાં રાધેશ્યામ શર્માએ રાજેન્દ્ર શાહકૃત 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં પરંપરા અને આધુનિકતાના સમન્વય અંગે ચિનુ મોદીના કાવ્યોમાં આધુનિક માનવીય સંવેદના અંગે, લાભશંકર ઠાકરકૃત 'પ્રવાહણ' દીર્ઘકાવ્યની અછાંદસ ભાષાશૈલીની

તાજપ અંગે, રમેશ પારેખકૃત 'ખમ્મા આલા બાપુને' ની પ્રયોગાત્મકતા અંગે તેમજ સુરેશ દલાલકૃત 'હસ્તાક્ષર' કાવ્યના સામાન્યપણા અંગે અને યોગેશ જોષીકૃત 'અવાજનું અજવાળું'માં કવિએ કરેલા દ્રશ્ય શ્રાવ્ય પ્રતીકોના વિનિયોગ અંગે તેમજ વિનોદ જોષીકૃત પદ્યવાર્તા 'તુણ્ડિલ તુણ્ડિકા'ના નાવીન્યસભર પ્રયોગ અંગે સંક્ષિપ્તમાં પરિચયાત્મક ચર્ચા કરેલ છે.

### ૬.૭ વિવેચનગ્રં

**'નવલકથા-નિર્દેશ' - પુસ્તકમાં ગ્રં ટું**

- રમણલાલ જોશી દ્વારા લિખિત મહાશોધ નિર્બં યન'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'સરસ્વતીચંદ્ર'ના વિવેચનો' શીર્ષક હેઠળ કરીને રમણલાલ જોશીએ કરેલ અધ્યયન અને શોધનિબંધમાં એમણે આપેલ અન્ય વિવેચકોના આ વિષયક કડીબદ્ધ વિવેચનો અંગે ચર્ચા કરી છે.
- સુરેશ જોષીના વિવેચનસંગ્રહ 'કથોપકથન'નુંઅંગેના વિવેચન લેખમાં રાધેશ્યામ શર્માએ સુરેશ જોશીના સાહિત્યને શુદ્ધ કળા તરીકે પુરસ્કૃત કરવાના પ્રયાસો પ્રતીકવાદ ઘટનાવિષયક વિચારા અંગે સંક્ષિપ્ત ચર્ચા કરી છે.
- સુમન શાહકૃત વિવેચનપુસ્તક 'ચન્દ્રકાન્ત બક્ષીથી ફેરો' માં પ્રગટેલી નવલકથા વિવેચનની વિશિષ્ટ તરાહની અત્રે રાધેશ્યામ શર્માએ સંક્ષિપ્ત ચર્ચા કરી છે.
- રમણલાલ જોશીકૃત 'ભારતીય નવલકથા' નામના વિવેચનપુસ્તકમાં વિવિધ નવલકથામાં સમાનપણે રહેલી ભારતીયતાની આગવી મુદ્દા અંગે રાધેશ્યામ શર્માએ પ્રાસ્તાવિક ચર્ચા કરેલ છે.

- બાબુ દાવલપુરા અને નરેશ વેદ દ્વારા લિખિત ‘ગુજરાતી કથાવિશ્વ’ પુસ્તકમાં એમણે કરેલી નવલકથા સ્વરૂપમીમાંસા તેમજ સાથે કૃતિઓનું એ મીમાંસાના સંદર્ભમાં મૂલ્યાંકન વગેરે વિષયક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરે

- ‘પ્રવીણ દરજીકૃત ‘નવલકથા સ્વરૂપ’પુસ્તકમાં એમણે નવલકથાના પ્રકાર, વર્ણન, કથનકેન્દ્ર વિષયક ચર્ચા કરેલ છે. તેની સંક્ષિપ્ત ચર્ચા રાધેશ્યામ શર્માએ અત્રે ‘અનાજ્ઞાંક્તિ સાહિત્યસ્વરૂપ’ શીર્ષક હેઠળ કરેલ છે.

- અનિલા દલાલકૃત ‘દર્પણનું નગર’ પુસ્તકમાં એમણે વિશ્વસાહિત્યની કૃતિઓનો આસ્વાદ

  ‘આધુનિક નવલસપ્તક’ શીર્ષક હેઠળ પરિચયાત્મક ચર્ચા કરી લેખિકાને આવા પુસ્તક બદલ અભિનંદનના અધિકારી ગણાવ્યા છે.

**‘સાહિત્યસંકેત’ વિવેચનગ્રં**

- ભોળાભાઇ પટેલ કૃત વિવેચનગ્રં ાહિત્યક પરંપરાનો વિસ્તાર’માં એમણે ગુજરાતી, પ્રાદેશિક અને વિદેશી સાહિત્ય વિષયક તેમજ અનુવાદ વિષયક સમસ્યાઓ અને આસ્વાદ વિષયક મુદ્દાઓ પર કરેલ ચર્ચા અંગે અત્રે રાધેશ્યામ શર્માએ પરિચયાત્મક ચર્ચા કરેલ છે.

- મધસૂદન પારેખકૃત વિવેચનપુસ્તક ‘૧૯૯૮ની સાલનું ગ્રં

  લેખકે કરેલી ગ્રં ાસ્તવિક ચર્ચા અત્રે રાધેશ્યામ શર્માએ કરેલ છે.

- સુરેશ દલાલકૃત આસ્વાદ

  “તુલનાત્મકતાના તોરણ હેઠળ વર કરતાં અણવરનો મહિમા!” શીર્ષક હેઠળ કરીને લેખકના કૃતક રસકીયઅભિગમ અને વિવેચન લેખોમાં થતાં વિષયાંતર વિષયક ચર્ચા કરી છે.

➢ ચન્દ્રકાન્ત ટોપીવાળાકૃત વિવેચનગ્રં

શર્માએ એમના વિવેચનપુસ્તક ''બહુ દ્ધાંતોનું નાનાવિધ પ્રસારણ' શીર્ષક હેઠળ કરીને પુસ્તક વિશે માત્ર પરિચયાત્મક લેખ અત્રે આપેલ છે.

➢ રમણ સોનીકૃત વિવેચનપુસ્તક 'અભિપ્રાય'નું વિવેચન રાધેશ્યામ શર્માથી 'નર્મદ-ટીકાના કે......'' શીર્ષક હેઠળ કરી પુસ્તકના મહત્ત્વના અંશો જેવા કે નિર્ભીક વિવેચનની સામે કૃતક વિવેચનનું અનિષ્ટ, નવમાં દાયકાની ગુજરાતી ટૂંકી-વાર્તા વગેરેની સમતોલ ચર્ચા કરી છે.

➢ બાબુ દાવલપુરાકૃત વિવેચનપુસ્તક 'કથાપર્વ -૨' અંગેના વિવેચનલેખમાં રાધેશ્યામ શર્માએ પુસ્તકનું વિહંગોવલોકન કરી કથનાત્મક સાહિત્યપ્રકારો સાથેની એની નિસબતને બિરદાવી છે.

➢ વિજય શાસ્ત્રીકૃત વિવેચનગ્રં

શર્માએ 'ટોન એન્ડ ટેનર' શીર્ષક હેઠળ કરી મુખ્યત્વે વિજય શાસ્ત્રીના વિવેચનશૈલીના 'ટોન' અંગે ચર્ચા કરી છે.

➢ રવીન્દ્ર પારેખકૃત વિવેચનપુસ્તક 'અન્યોક્તિ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'અન્યોક્તિ': સ્વગતોક્તિઓનું લાઉડસ્પીકર ! શીર્ષક હેઠળ કરીને રવીન્દ્ર પારેખે પ્રયોજેલ નિજી અભિપ્રાયમૂલક વિચારો

**'આલેખ' પુસ્તકમાં ગ્રં ટૂં ચન**

➢ રમણ સોનીકૃત વિવેચનપુસ્તક 'વિવેચનસંદર્ભ'નું વિવેચન રાધેશ્યામ શર્માએ એમના પુસ્તક 'આલેખ'માં 'સંદર્ભ નિર્ભીક પર્યોષણાનો' શીર્ષક હેઠળ કરીને વિવેચકના તાટસ્થ્યપૂર્ણ નિર્ભીક દૃષ્ટિકોણને બિરદાવ્યો છે.

➢ કૃષ્ણ રાવતકૃત - શાલિની ટોપીવાળા દ્વારા અનુવાદિત વિવેચનપુસ્તક ‘સાહિત્ય એક સિદ્ધાંત’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘‘સિદ્ધાંત સાથે નિષ્ઠાપૂર્ણ નિસ્બત’’ શીર્ષક હેઠળ કરી વિવેચકની ‘સિદ્ધાંત’ વિષયક વિચારધારા અંગે સંક્ષિપ્ત ચર્ચા કરેલ છે.

**‘ઉલ્લેખ’માં ગ્રં[illegible] હોનું વિવેચન**

➢ વાડીલાલ ડગલીકૃત વિવેચનપુસ્તક ‘કવિતા ભણી’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘સંસ્કૃતિ દ્વારા, કવિતા ભણી’ શીર્ષક હેઠળ કરીને વાડીલાલ ડગલીએ જુદા-જુદા વિષયોને આવરી લેતા કાવ્યોનો કરાવેલા આસ્વાદ વિષયક તેમાંથી પ્રગટતી વિવેચનની પરિભાષા તેમજ અભિગમ વિષયક ચર્ચા કરેલ છે.

➢ સુમન શાહકૃત સૈદ્ધાંતિક વિવેચનપુસ્તક ‘સંરચના અને સંરચન’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કૃતિથી સંસ્કૃતિ પ્રતિ.....’ શીર્ષક હેઠળ કરીને કૃતિની ‘ભાષા’ તેમજ સંરચના અને આંતરિક સ્વરૂપ પર ભાર દેવાની સુમન શાહ ની વિચાર ધારા તેમજ સોસ્યૂર દેરિદા વગેરે પાશ્ચાત્ય વિવેચકોના સંરચનાવાદી અભિગમ વિષયક વિચારો વગેરે અંગે અત્રે પ્રાસ્તાવિક ચર્ચા કરેલ છે.

**‘કર્તા-કૃતિ-વિમર્શ’ પુસ્તકમાં ગ્રં[illegible]**

➢ ઉમાશંકર જોષીકૃત વિવેચનપુસ્તક નિશ્ચ[illegible]

શર્માએ ‘મસ્કરો- મહાત્માનું મિલનતીર્થ’ શીર્ષક હેઠળ કરી ઉમાશંકરે કાવ્યો-પદો-ભજનોના આસ્વાદમાં આણેલી ગાંધી વિચારધારાની અસરો વિષયક ચર્ચા કરેલ છે.

➢ રમણલાલ જોશીકૃત વિવેચનપુસ્તક ‘વિવેચનની આબોહવા’ પુસ્તકનું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘વિવેચનની આબાદ આબોહવા......’શીર્ષક હેઠળ કરીને પુસ્તકના

સંદર્ભમાં ગુજરાતી વિવેચનના ઇતિહાસ તેમજ અભિગમલક્ષી પરિવર્તનો વિષયક ચર્ચા કરેલ છે.

- ઉપરોક્ત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીકૃત ‘દ્રુમપર્ણ’ શિરિષ પંચાલકૃત ‘નવલકથા’ પ્રવીણ દરજીકૃત ‘નવલકથા સ્વરૂપ’ જેવા વિવેચનપુસ્તકો અંગે રાધેશ્યામ શર્માએ એમના શબ્દસમક્ષ વિવેચનગ્રં

  ભોળાભાઇ પટેલકૃત ‘સમાન્તર’ વિવેચન પુસ્તક અંગે ‘સાંપ્રત’ વિવેચનપુસ્તકમાં જ્યારે ‘શબ્દ સાથે સંવાદ’ વિવેચનપુસ્તકમાં વિનોદ જોશીકૃત ઉદગ્રીવ અને વિજય શાસ્ત્રીકૃત ‘બાવનનો સઘળો વિસ્તાર’ અંગે પરિચયાત્મક અવલોકનલેખો આપેલ છે.

રાધેશ્યામ શર્માએ આત્મકથા, રેખાચિત્રો, સંસ્મરણકથા નિબંધસંગ્રહો વગેરે સ્વરૂપ અંગે ઘણા-બધા વિવેચનલેખો એમના જુદાં-જુદાં વિવેચનપુસ્તકમાં ગ્રં
મોટા ભાગે ઉપરોક્ત વિષયોનું વિવેચન એમણે પરિચયાત્મક અભિગમથી કરીને ઉપરછલ્લાં અવલોકનો આપ્યા છે. જેથી એ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા ન કરતાં એમના વિવેચનગ્રં
ગ્રં ક્રમ
રાખેલ છે.

- પ્રફુલ્લ રાવળકૃત ‘ફાનસના અજવાળે’ નિબંધમાં પ્રગટતી લલિત નિબંધોની લાક્ષણિકતા અંગે, વિનોદ ભટ્ટકૃત ‘એવા રે અમે એવા’ માં પ્રગટતા જાતિ આધિપત્યના ચિત્રાણ અંગે, કનુભાઇ જાનીકૃત ‘લોકવા મય’માં પ્રગટતા લોકમાન્યતા કિવદન્તી, પૌરાણિક સંદર્ભો વગેરે વિષયક અવલોકનલેખો ‘સાહિત્યસંકુ ગ્રં

- રમેશ ભટ્ટકૃત મહાશોધ નિબંધ 'આંનદ શંકરની ધર્મ વિભાવના'માં કરેલ તત્વજ્ઞાન વિષયક ચર્ચા અંગે, કનુભાઇ જાનીકૃત 'મેઘાણી છબી' પુસ્તકમાં ગ્રં સાહિત્યિક પ્રવૃતિની ઝલક અંગે, રામજીભાઇ કડિયા, દ્વારા સંપાદિત પુસ્તક ''સુંદરમ્ એટલે સુંદરમ્''માં પ્રગટતા સુંદરમ્‌ના વ્યક્તિચિત્ર અંગે મકરન્દ દવેકૃત 'સ્વામી અને સાંઇ' પુસ્તકમાં હિલ્લોળાં લેતાં અધ્યાત્મક અંગે, રાજેન્દ્રસિંહ રાયજાદાકૃત મહાશોધ નિબંધ 'રહસ્યવાદ' માં પ્રગટતી તાત્વિક નિષ્પતિઓ અંગે જયંત પાઠકકૃત 'વનાંચલ' માં પ્રગટતા પ્રાકૃતિક સૌંદર્યની સૃષ્ટિ અંગે ડોદરીયાકૃત નિબંધસંગ્રહ 'ઘરે બાહિરે'માં પ્રગટતા ચિંતન અંગે વિનોદ ભટ્ટકૃત ''મન્ટો ''માં નિરૂપણ પામતા મન્ટોના વ્યક્તિત્વના વિવિધ પાસાઓ અંગે તેમજ 'સુનોભાઇ સાધો' હાસ્યનિબંધ સંગ્રહમાં પ્રગટતી હાસ્યની સૂક્ષ્મતા અંગે, ચંદુ મહેરિયા દ્વારા સંપાદિત પુસ્તક 'માડી મને સાંભરે રે'માં નિરૂપાયેલ માતૃમહિમા અંગે, રજની વ્યાસ દ્વારા સંપાદિત 'વિજ્ઞાનકોષ' ની વિશિષ્ટતાઓ અંગે, મુકુન્દ પી. શાહકૃત 'સફળ જીવન જીવવાની કળા'માં રહેલી હકારાત્મક વિચારસરણી અંગે રાધેશ્યામ શર્માએ પરિચયાત્મક અવલોકન આપતાં લેખો 'આલેખ' વિવેચનગ્રં ल છે.
- વાડીલાલ ડગલીકૃત નિબંધ સંગ્રહ શિયાળાની સવારનો તડકાનું વિવેચન 'સાંપ્રત' પુસ્તકમાં ''બરાબર કેન્દ્રમાં'' શીર્ષક હેઠળ કરી લેખકની નિજત્વની અભિવ્યક્તિ વિષયક ચર્ચા કરી છે.
- લાભશંકર ઠાકરકૃત ચરિત્રપ્રધાન પુસ્તક 'બાપા વિષે'નું વિવેચન રાધેશ્યામ શર્માએ 'કરેણની ડાળ પર થોડો તડ કો' શીર્ષક હેઠળ વિવેચનપુસ્તક 'અક્ષર'માં કરી ને પ્રસ્તુત પુસ્તકમાં લેખકની જાતસભાનતા, તીવ્ર સ્મૃતિથી રચેલો કૃતિપ્રપંચ વગેરે મુદ્દાની નોંધ લીધેલ છે. તો પ્રવીણ દરજીકૃત રેખાચિત્ર સંગ્રહ 'ચંદનના વૃક્ષ'માં જે તે

ચરિત્રના વર્ણનમાં આણેલ નાવીન્ય અને તાજગી વિશે તેમજ મધુસૂદન પારેખકૃત ‘હાસ્યપચીસી’માં રહેલાં માર્મિકતા વિશે રજની વ્યાસકૃત ‘ગુજરાતની અસ્મિતા’ પુસ્તકનો પરિચય વગેરે વિષયક લેખો વિવેચનગ્રં

- લાભશંકર ઠાકરકૃત નાયક ‘પીળુ ગુલાબ અને હું’ માં રહેલી સંવેદન પટુતા અને કઠોર વાસ્તવિકતાના મિશ્રણ અંગે તેમજ અનિલા દલાલના ‘દેશાન્તર’ પુસ્તકના વિદ્રતાપૂર્ણ લેખો અંગે, ભોળાભાઇ પટેલકૃત નિબંધસંગ્રહ ‘શાલભંજિકા’ અંગે જયોતીન્દ્ર દવે કૃત હાસ્યનિબંધ સંગ્રહ ‘આનંદલોક’ અંગે, અમનભાઇ શાહકૃત પુસ્તક ‘સમયચિંતન’ માં પ્રગટતી ફિલસૂફી અંગે વિષ્ણુ પંડયાકૃત લેખસંગ્રહ ‘શાહમૃગ અને દેવહૂમા’ના આધ્યાત્મિક વિચારો અંગે
મડિયાના ચરિત્રપુસ્તક અંગે, તરુ કજારિયાકૃત અનુવાદગ્ર
નગરીમાં’ની અનુવાદશૈલી જેવા અનેક પુસ્તકોનો પરિચયાત્મક આસ્વાદ રાધેશ્યામ શર્માએ એમના વિવેચન પુસ્તક ‘ઉલ્લેખ’માં કરાવેલ છે.
- સુરેશ જોષીકૃત નિબંધસંગ્રહ ‘ભાવયામિ’નું વિવેચન રાધે
પરના પર્ણો......’ શીર્ષક હેઠળ કરી આ નિબંધોને શબ્દથી નિઃશબ્દ સુધીની યાત્રા સમાન ગણાવ્યા છે.
- ઉશનસ્‌કૃત ‘સદ્‌માતાનો ખાંચા’નું વિવેચન રાધેશ્યામ શર્માએ ‘કર્તા-કૃતિ-વિમર્શ’ પુસ્તકમાં ‘‘ગુજરાતી ગિરાનું ‘માલગુડી ડેઝ’’’ શીર્ષક હેઠળ કરીને ગદ્યમાં કાવ્યત્વ સાથે કથાતત્વને વણી લેવાની લેખકની શૈલીને બિરદાવી છે.
- ભોળાભાઇ પટેલકૃત નિબંધસંગ્રહ ‘કાંચનજંઘા’ની રસળતી પ્રવાહી ચિત્રાત્મક ભાષાશૈલી વિષયક, પ્રવીણ દરજીકૃત નિબંધસંગ્રહ ‘લીલા પર્ણ’માં વિષયનાવિન્ય તેમજ ભાષાની તાજગી અંગે, હસુ યાજ્ઞિકકૃત ‘કામકથા’ મધ્યકાલીન સ્ત્રી -ચરિત્રોની

કામકથા અંગે રજનીકુમાર પંડયાના ‘ઝળકાર’ પુસ્તકમાં ગ્રેં

જીવનવૃતાંત વિષયક સંક્ષિપ્ત અવલોકનો રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘કર્તા-કૃતિ વિમર્શ’ પુસ્તકમાં ગ્રથંસ્થ કરેલ છે.

➢ નિરંજન ભગત દ્વારા સંપાદિત પુસ્તક ‘શ્રેષ્ઠ ઉમાશંકર’માં ગ્રં

લખાણો અંગે, બકુલ ત્રિપાઠીકૃત હાસ્યનિબંધ સંગ્રહ ‘હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી’માં નિર્મળ હાસ્ય દર્શાવતી બાબતો અંગે , સુમન શાહકૃત નિબંધસંગ્રહ ‘વસ્તુસંસાર’ના વાસ્તવિક-ફિલોસોફિકલ લેખો અંગે, પ્રવીણ દરજીકૃત નિબંધસંગ્રહ ‘કા કથા’માં પ્રગટતી લેખકની વિશિષ્ટ શૈલી અંગે, અભિજીત વ્યાસકૃત સાહિત્ય તેમજ અન્ય કળા વિષયક લખાણોને આવરી લેતા પુસ્તક સાન્ધ્યિ અંગે, દિનેશ દેસાઇકૃત ચિંતનપુસ્તક ‘સ્ત્રીની આરપાર’ તેમજ ભૂપત વડોદરીયાકૃત ચિંતનપુસ્તક ‘ઉપાસના’ વિશે,પ્રફુલ્લ રાવળકૃત નિબંધસંગ્રહ ‘હું અને.....’ અંગે તેમજ વાલ્મીક મહેતાકૃત પુસ્તક ‘હાસ્ય લાસ્ય’ અંગે પરિચયાત્મક અવલોકનલેખો રાધેશ્યામ શર્માએ એમના વિવેચનપુસ્તક ‘શબ્દ સાથે સંવાદ’માં ગ્રથંસ્થ કરેલ છે.

# પાદટીપ

| ક્રમ | કર્તાનું નામ | કૃતિનું નામ | આવૃતિ વર્ષ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | રાધેશ્યામ શર્મા, | ‘નવલકથા નિર્દેશ’, | ૨૦૦૧, | ૧૮ |
| ૨ | એજન, | - | - | ૩૭ |
| ૩ | એજન, | - | - | ૪૨ |
| ૪ | એજન, | - | - | ૪૮ |
| ૫ | એજન, | - | - | ૫૪ |
| ૬ | એજન, | - | - | ૫૬ |
| ૭ | એજન, | - | - | ૬૧ |
| ૮ | એજન, | - | - | ૬૬ |
| ૯ | એજન, | - | - | ૭૦ |
| ૧૦ | એજન, | - | - | ૭૫ |
| ૧૧ | એજન, | - | - | ૭૯ |
| ૧૨ | એજન, | - | - | ૮૨ |
| ૧૩ | એજન, | - | - | ૮૪ |
| ૧૪ | એજન, | - | - | ૮૮ |
| ૧૫ | એજન, | - | - | ૯૪ |
| ૧૬ | એજન, | - | - | ૯૫ |
| ૧૭ | એજન, | - | - | ૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | એજન, | - | - | ૧૦૯ |
| ૧૯ | એજન, | - | - | ૧૧૮ |
| ૨૦ | એજન, | - | - | ૧૨૩ |
| ૨૧ | એજન, | - | - | ૧૨૭ |
| ૨૨ | એજન, | - | - | ૧૩૩ |
| ૨૩ | એજન, | - | - | ૧૪૨ |
| ૨૪ | એજન, | - | - | ૧૪૭ |
| ૨૫ | રાધેશ્યામ શર્મા, | ‘સાંપ્રત’, | ૧૯૭૮ | ૧૪૭ |
| ૨૬ | એજન, | - | - | ૧૪૯ |
| ૨૭ | રાધેશ્યામ શર્મા, | ‘આલેખ’, | ૨૦૦૧ | ૮૫ |